વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ નવેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
અંક : ૧૧



રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાઈએ રે...



## નૂતનવર્ષની પ્રાર્થના

"સર્વે ક્રિયામાં આપ જ કર્તા
સદા સર્વદા બની રહું અકર્તા
મહારાજ, મહારાજ, મહારાજ થાય,
દિવ્ય સ્વરૂપમાં પાગલ બનાય."
બસ, હે કૃપાનાથ, આપે અખંડ
મૂર્તિમાં જ રાખ્યા છે. અનાદિમુક્ત
જ કર્યા છે. હાલતા-ચાલતા-
ખાતા-પીતા આ વાતનું અખંડ
અનુસંધાન રખાવજો...

લિ. જ, [illegible] સાધુ
સત્યસંકલ્પદાસના જય સ્વામિનારાયણ


SMVS

# GHANSHYAM

10 November, 2023 • Year : 48 • Edition : 11


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ





**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

# નૂતન વર્ષાભિનંદન





ઘનશ્યામ
૧૦ નવેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૧૧

**અનુક્રમણિકા...**

૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર (લોયા : ૩, ભાગ-૨)


૧૧ કઠણમાં કઠણ સાધન

૧૪ ઉત્તરાધિકારી કોણ ?

૧૭ સ્થિતપ્રજ્ઞતા

**‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો : ૯૪૦૮૩૨૦૦૩૬**



# દિવ્યવાણી

શ્રીજીમહારાજે કેવળ કૃપા કરી આ દિવ્ય કારણ સત્સંગનો યોગ આપી અનાદિમુક્તના પદની પ્રાપ્તિ કરાવી છે. છતાંય અવરભાવમાં તનનાં, મનનાં, ધનનાં, જનનાં અનેક દુઃખો આવે છે તેનાં કારણો શું છે ? તે નિવારવા શું કરવું ? તે વિષે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૨૮-૯-૨૦૨૩ના પૂનમના સમૈયામાં અદ્ભુત લાભ આપ્યો હતો. તેને મનન કરી વાગોળીએ અને સ્વજીવનમાં બદલાવ લાવીએ.

તાવ થરમૉમિટરથી મપાય છે. દૂધનાં ફેટ લૅક્ટૉમિટરથી મપાય છે. તેમ સત્સંગ મહિમારૂપી માપદંડથી મપાય છે. અને મહિમા કેટલો છે એનું માપદંડ છે વચનપાલનતા. ગઢડા પ્રથમના ૧૫મા વચનામૃતમાં મહારાજે માપદંડ જણાવતાં કહ્યું છે, “ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે.”

ઘર-પરિવારમાં પણ બધા એકબીજાની આજ્ઞા-રુચિમાં વર્તે છે ત્યારે પરિવારમાં બધું બરાબર ચાલે છે. સુખી રહેવાય છે. તો સત્સંગમાં, જ્યાં મૂર્તિનું સુખ લેવાનું છે ત્યાં તો મહારાજ અને મોટાની આજ્ઞામાં વર્તવું જ પડે.

સંપ્રદાયમાં મોક્ષ માર્ગના બે પાયા છે : (૧) શુદ્ધ ઉપાસના, (૨) આજ્ઞા. ત્યાગી-ગૃહી સૌએ પોતપોતાને કરેલી શ્રીજી કથિત આજ્ઞા ખબડદાર થઈને પાળવી. પરંતુ ક્યારેક ઉપાસનાના બળે અને પ્રાપ્તિમાં પૂર્ણ મનાતાં આજ્ઞામાં ઢીલાશ વર્તે છે. આવી ધર્મની ઓથ લઈએ તે બિલકુલ ન ચાલે. કદી આજ્ઞાને ગૌણ ન થવા દેવી.

શ્રીજીમહારાજને ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતમાં આધારાનંદ સ્વામીએ ૧૪મો પ્રશ્ન પૂછ્યો છે કે, “કેવી રીતે વર્તીએ તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં



ભગવાન અને સંતનું અલ્પ વચન ન લોપાય એ જ મહિમા.

કોઈ રીતે ખોટ્ય આવવા દેઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશમાત્ર સંશય નહીં.''

આપણે સત્સંગમાં આવીને જે કાંઈ કરીએ છીએ તે મહારાજને રાજી કરવા કરીએ છીએ. રાજી કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે : પંચવર્તમાન ખબડદાર થઈ સરાધાર પાળવાં. સત્સંગના રક્ષક એવા ત્યાગીએ નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ આ પાંચ વર્તમાન ખબડદાર થઈ પાળવાં. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઉપાસના અને પંચવર્તમાનની આજ્ઞા પાળવા માટે અસહ્ય દુઃખો સહ્યાં અને લોહીનાં પાણી કર્યાં છે. વિમુખનું શસ્ત્ર હસતા મુખે સ્વીકાર્યું. 'સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.' આ સૂત્ર સાથે ઘર ઘર ફર્યા છે. પ્રભુની અને ગુરુદેવની પ્રસન્નતા પામવા એમના ચીલે ચાલવું એ આપણી શિષ્ય તરીકેની ફરજ છે.

ત્યાગી માટે નિષ્કામ અને નિર્લોભ બે મોટાં વર્તમાન છે. જે ત્યાગી કોડી જેટલું દ્રવ્ય પણ પોતાનું કરી રાખે, રખાવે કે અડે તો તેને બ્રહ્માંડ માર્યાનું પાપ લાગે. ગઢડા પ્રથમના ૩૬મા વચનામૃતની ટીકામાં બાપાશ્રીએ કહ્યું છે, 'જે સાધુ સ્ત્રી-ધનનો ત્યાગ ન રાખે તે સ્વામિનારાયણનો કહેવાય જ નહીં. અને ગૃહસ્થ જો એવા ભેખધારીના મુખથી વાત સાંભળે તો ચાંદ્રાયણ વ્રત કરે ત્યારે શુદ્ધ થાય.' આ વાત કોઈનું હીણું દેખાડવા નહિ પણ એસ.એમ.વી.એસ.ના સંતોની ઊર્ધ્વગતિ અને ગુરુ પરંપરામાં રહેવા માટે કરીએ છીએ. એટલે જ અમારા ત્યાગીના વર્તમાનની વાત ખુલ્લેઆમ તમને ગૃહસ્થને કરીએ છીએ કે અમારામાં જરા પણ પોલ ન રહી જાય અને અમારે ચલાવવું નથી એટલે ખુલ્લેઆમ કહીએ છીએ.

જંગલની ઓથે સિંહ અને સિંહની ઓથે જંગલ. એમ તમે અમારી ઓથે ને તમારી ઓથે અમે. તમે ગૃહસ્થ અમારાં વર્તમાન જાણતા હોય તો અમે પાછા વળેલા રહીએ અને ગૃહસ્થનાં વર્તમાન અમે જાણતા હોઈએ તો તમને રોકી-ટોકી પાછા વાળી શકીએ. એટલે જ સત્સંગીમાત્ર માટે શ્રીજીમહારાજે સવારથી ઊઠીને રાત સુધીની બધી બાબતને આવરી લઈ બ્રહ્મચારી, સાધુ, ગૃહસ્થ, સધવા, વિધવા, રાજા બધાના ધર્મ શિક્ષાપત્રીમાં લખ્યા છે અને તેને નિત્યપ્રત્યે વાંચવાની સૌને આજ્ઞા કરી છે. માત્ર પોતપોતાના ધર્મ વાંચવા એમ નહિ; બધાને બધાના ધર્મ વાંચવાના કહ્યા છે.

દરેકને સ્વતંત્ર રહેવું ગમે પરંતુ તેમાં સ્વચ્છંદી થઈ જવાય. નિયમની પાળ કોઈને ગમતી નથી. પરંતુ પ્રભુની આજ્ઞા આપણા હિત માટે છે. સુખનું સાધન છે. ગૃહસ્થને સદા સુખી રહેવા પાંચ વર્તમાન કીધાં છે.

**૧. દારૂ વર્તમાન :** જે જોવાથી, ખાવાથી કે પીવાથી નશો ચડે તે તમામ વસ્તુ-પદાર્થ દારૂ તુલ્ય છે. આવા નશાકારક તમામ પદાર્થોનો આપણે ત્યાગ રાખવો. બીજી બધી વસ્તુ તો ન લેવાય પરંતુ એક ચા-કૉફી જેવી વસ્તુ પણ આપણે લેવાય નહીં. કારણ સત્સંગી તરીકે આપણાથી અન્યને ચા-કૉફી પિવડાવાય પણ નહિ તો પિવાય કેવી રીતે ? આપણી **SMVS** હૉસ્પિટલમાં દર્દીને ચા-કૉફી અપાતાં નથી અને ડૉક્ટરો સાથે ૩૦૦નો સ્ટાફ છે તેમને પણ અપાતાં નથી. તોય મહારાજના સંકલ્પે હૉસ્પિટલ સરસ ચાલે છે. પંચમહાલમાં દારૂના અઠંગ વ્યસની, રોજનું માટલું ભરીને દારૂ પીનારા હજારો હરિભક્તો આજે ચા-કૉફી પીતા પણ નથી અને પાતા પણ નથી. માટે આપણે પણ દૃઢતાપૂર્વક દારૂ વર્તમાન પાળીએ.

**૨. માટી વર્તમાન :** ગાળ્યા-ચાળ્યા વગરનું પાણી, દૂધ, તેલ, ઘી, ચાળ્યા વગરનો લોટ જેમાં વપરાયો હોય તેવું જમવાથી, બજારુ ખાણી-પીણીનો ઉપયોગ કરવાથી માટી વર્તમાન લોપાય. ઘરે ગાળી-ચાળી શુદ્ધ વાનગી બનાવી મહારાજને થાળ ધરાવી જમાય પણ બજારનું ન જમાય.

અમારે તમને પપલાવીને સત્સંગી નથી કરવા. નિયમ પળાવી ટકોરા મારે એવા, શ્રીજીમહારાજ રાજી થાય તેવા સત્સંગી કરવા છે. દારૂ અને માટી વર્તમાનના લોપથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. જ્યારે ચોરી અને અવેરી આ બે વર્તમાનના લોપ તો ખતરનાક છે. તેના લોપથી બહુ મોટું દુઃખ આવે.

**૩. ચોરી વર્તમાન :** ત્રણ પ્રકારનાં દ્રવ્ય છે : (A) આસુરી દ્રવ્ય, (B) અશુદ્ધ દ્રવ્ય અને (C) શુદ્ધ દ્રવ્ય.

(A) **આસુરી દ્રવ્ય :** લાંચ-રુશવત, દગા, દંભ-કપટ, ભેળસેળ, ચોરી કરીને, ખોટું બોલીને, ખોટું કરીને, કોઈને દૂભવીને કે પરાણે પડાવી લઈને, છેતરીને કમાયેલા દ્રવ્યને આસુરી દ્રવ્ય કહે છે. જો આવી રીતે દ્રવ્ય આપણા ઘરમાં આવે તો આખા પરિવારનું ધનોત-પનોત કાઢી નાખે. ખેદાન-મેદાન કરી નાખે.

જેટલો આજ્ઞાનો લોપ એટલો પ્રભુનો કોપ.

**(B) અશુદ્ધ દ્રવ્ય :** આપણે સીધું અનીતિથી કે ખોટું કરી દ્રવ્ય ઉપાર્જન ન કર્યું હોય પરંતુ કોઈ અનીતિથી ધંધો કે નોકરી કરતા હોય તેમની પાસેથી આપણને પગાર પેટે, વ્યાજ પેટે કે કોઈ પણ રીતે દ્રવ્ય મળે તેને અશુદ્ધ દ્રવ્ય કહેવાય. તે પણ દુઃખી કરે. તેથી અશુદ્ધ દ્રવ્યની શુદ્ધિ માટે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૪૭મા શ્લોકમાં ગૃહસ્થમાત્રને ૧૦% ધર્માદો કાઢવાની આજ્ઞા કરી છે. પોતે નીતિથી કમાતાં અજાણે આવી જતા અશુદ્ધ દ્રવ્યમાંથી ધર્માદો કાઢે તેની આ લોક-પરલોકની જવાબદારી મહારાજ લઈ લે છે.

**(C) શુદ્ધ દ્રવ્ય :** ભગવાનનો ૧૦% ધર્માદો કાઢ્યા પછી પણ ૯૦% દ્રવ્યને નીતિથી જ વાપરે ત્યારે તે શુદ્ધ દ્રવ્ય રહે છે.

એક વખત એક હરિભક્ત મંદિરે અમને (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને) મળ્યા. પૂછ્યું, “કેમ આવ્યા છો ?” ત્યારે હરિભક્તે કહ્યું, “દયાળુ, ૯૦% મહારાજ પાસેથી લેવા આવ્યો છું. હું કોણ ૧૦% ધર્માદો કાઢનાર ? બધું મહારાજનું છે. આ તો મહારાજ મને ૯૦% વાપરવા આપે છે.” દ્રવ્ય શુદ્ધિની આવી ખટક જોઈએ.

**૪. અવેરી વર્તમાન :** ઘણી વાર સારા સારા હરિભક્તોને પણ બહુ મોટાં દુઃખ આવતાં હોય છે. તેનું મુખ્ય કારણ અવેરી વર્તમાનનો લોપ છે. અત્યારે ભયંકર દેશકાળ છે. એમાંય મોબાઈલનો દુરુપયોગ અને સોશિયલ સાઈટ્સના ગેરઉપયોગથી વ્યક્તિ વ્યભિચારમાં ક્યાંય આગળ નીકળી જાય છે. આ વર્તમાનની થતી ખાનગી ભૂલો ખાનગી રહેતી હોય છે પણ આનું પરિણામ દુનિયા આખી જાણે છે. ખાનગી ભૂલો પણ કાલે ખુલ્લી પડ્યા વગર રહેતી નથી. પુરુષે એક પત્નીવ્રત અને સ્ત્રીએ એક પતિવ્રતાનું વ્રત રાખવું. ફોનમાં પણ વિજાતિ મિત્રોના સંગથી છેટા રહેવું. જો આ વર્તમાનનો લોપ થશે તો ભયંકર દુઃખો આવશે. અરે, બુઢાપામાં ભયંકર સહન કરવું પડશે અને ધોળામાં ધૂળ પડે.

ઈ.સ. ૨૦૧૪ની ફાગણ સુદ પૂનમે એક હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા અને રડતાં-કગરતાં પ્રાર્થના કરી કે, “મારાં માતુશ્રી આઠ વર્ષથી લકવાગ્રસ્ત છે. પથારીવશ છે. ખૂબ રિબાય છે. એમણે ખૂબ ભજન-ભક્તિ કરી છે. સેવા કરી છે. અમને સત્સંગ પણ એમણે કરાવ્યો છે. નિષ્ઠા પણ છે છતાં આવું દુઃખ કેમ આવ્યું ?”

ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ છતાં સાંભળતા નથી. તારી માનું કેવું વ્યભિચારી જીવન હતું. એનું પાપ ભોગવે છે.” દીકરાએ પણ વાસ્તવિકતા સ્વીકારી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “એમને ફરી જન્મ ધરવો ન પડે તે માટે મહારાજ કસર ટળાવે છે.” આ વાતને વર્ષો વીતી ગયાં.

ગઈ પૂનમે તા. ૩૧-૮-૨૦૨૩ના રોજ ફરી તેમના દીકરાઓએ આવીને પ્રાર્થના કરી કે, “દયાળુ, મહારાજ હજુ માતુશ્રીને ધામમાં લઈ જતા નથી. ૧૬-૧૬ વર્ષથી રિબાય છે. દયા કરો.”

યુવાન અવસ્થામાં થયેલા આજ્ઞાના લોપથી આવાં દુઃખ આવે છે. આપણે જોઈએ છે આવાં દુઃખ ? તો પાછા વળી જજો. રીઢા થઈને ભૂલોનું પુનરાવર્તન ન કરશો. થયેલી ભૂલો માટે મોટાપુરુષ આગળ નિષ્કપટ થવું. પણ ફરી એ ભૂલ ન કરવાની શરતે. આજના યુગમાં આ વર્તમાનની તાતી જરૂરિયાત છે. વાતને પોતા ઉપર લેજો. કસર રહેતી હોય ત્યાં સુધારજો.

મોટાપુરુષોનો આ વર્તમાન પળાવવાનો કેટલો આગ્રહ છે ! બાપાશ્રી વૃષપુર બિરાજતા હતા. એક દિવસ કરાંચીથી મનીઑર્ડર આવ્યો. તેમાં હરિભક્તે પ્રાર્થના લખી હતી કે, “બાપાશ્રી તથા સંતોને થાળ કરી જમાડજો.” બાપાશ્રીએ હરિભક્તનું નામ સાંભળી તરત કહ્યું, “એ વ્યભિચારી પુરુષની રસોઈ આપણે જોઈતી નથી. મનીઑર્ડર પાછો મોકલી દો.”


બાપાશ્રી જગન કરતા તો તેમાં પણ અવેરી વર્તમાનનો લોપ કરનારને આવવાની ના પાડતા અથવા પ્રાયશ્ચિત્ત કરાવી પછી જગનમાં આવવા દેતા. માટે સૌએ ખબડદાર થઈ વર્તમાન પાળવું.

ઈન્દ્રિયો-અંતઃકરણ હરાયા ઢોર જેવા ચોજાળા થઈ ગયા હોય તો તેના માટે ખૂબ પ્રાર્થના કરજો. સ્ત્રીએ પરપુરુષ અને પુરુષે પરસ્ત્રીના સંગરૂપી વ્યભિચારથી છેટા રહેવું. સાવધાન રહેવું.

હે મહારાજ, હે બાપા ! અમારી દૃષ્ટિ અખંડ આપના રાજીપા તરફ મંડાયેલી રહે, આજ્ઞાને સરાધાર પાળીએ, સાત્ત્વિક અને આંતરમુખી જીવન જીવતા થઈએ એવી દયા કરો.



જંગલની ઓથે સિંહ ને સિંહની ઓથે જંગલ.



# વચનામૃત સાર

## લોયા : ૩ (ભાગ - ૨)

આપણે ગયા લેખથી લોયાના ત્રીજા વચનામૃતમાં શ્રીજીમહારાજે જણાવેલા રહસ્ય-અભિપ્રાયોનું પાન કરી રહ્યા છીએ.

સ્વામિનારાયણ હરે...

**વચનામૃત** : ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **જેને ભગવાન તથા સંત તેનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?**

આ પ્રશ્નનો અર્થ આપણે ગયા અંકમાં બહુ વિસ્તૃત રીતે જોયો. હવે આ પ્રશ્નનો જવાબ સમજીએ.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને ભગવાનનો ને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.**

**નિશ્ચયની નક્કરતા સ્થિતિની યાત્રાનું પ્રથમ પગથિયું છે.**

**વિશ્લેષણ :**

આમ, ભગવાન ને સંતનો જેને મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાથી ભગવાન ને સંતના અર્થે શું ન થાય ? એને શું અઘરું પડે ? કંઈ નહિ; બધું જ થાય. શ્રીજીમહારાજ કહે છે કે એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. આવા મહાત્મ્યસભર અનેક પાત્રોનાં દૃષ્ટાંતો શ્રીજીમહારાજે વચનામૃતમાં જ આપ્યાં છે.

**વચનામૃત :**

**એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી : ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી તથા ધરમપુરવાળા કુશળકુંવરબાઈ તથા પર્વતભાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટાં રામબાઈ તથા દાદોખાચર તથા માંચો ભક્ત તથા મૂળજી બ્રહ્મચારી**

**તથા ભૂજવાળાં લાધીબાઈ ને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશના આહીર પટેલ સામત તથા ગામ માનકૂવાના મૂળજી તથા કૃષ્ણજી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા.**

**વિશ્લેષણ :**

અહીં વચનામૃતમાં ફક્ત નામ આપ્યાં છે પણ આ હરિભક્તોએ શું શું કર્યું છે, તે જાણવાની ઈચ્છા તો સહેજે જ થાય અને થવી જ જોઈએ. કારણ કે મહારાજનો રાજીપો મેળવવા માટેના આદર્શ ગુણો જેણે દઢ કર્યા હોય તેના પ્રસંગોના શ્રવણ-મનને કરીને તેના જેવા ગુણો આપણામાં આવે.

હવે વચનામૃતમાં તો વિગતે દષ્ટાંતો નથી તો યથાર્થ દષ્ટાંતો જાણવાં કેવી રીતે ? તો અનુભવી અને જેમના દ્વારા સ્વયં શ્રીજીમહારાજ બોલનારા છે, તેવા આપણા અબજીબાપાશ્રીએ આ વચનામૃતની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં દરેક પાત્રનાં દષ્ટાંત વિગતે સમજાવ્યાં છે અને કોણે કોણે શું શું કર્યું તે જણાવ્યું છે. આવાં યથાર્થ દષ્ટાંતો બાપાશ્રી ક્યાંય વાંચવા નહોતા ગયા. એ તો એના એ જ એટલે કે સ્વયં શ્રીજીમહારાજ બોલનારા હોય તો જ કહી શકાય. હવે બાપાશ્રીએ વર્ણવેલા પ્રસંગોમાંથી કેટલાક ચૂંટેલા પ્રસંગો અત્રે આપણે જોઈશું :

**૧. ગલુજી :** શ્રીજીમહારાજ અરેરા ગામે પધાર્યા હતા. ત્યાંથી ડડુસરના ગલુજીને ચિઠ્ઠી લખી જે, “ખાવા બેઠા હો તો તે પડ્યું મૂકીને પશુ, ધન, ધાન્ય, ઘરના તમામ માણસો વગેરે બધું લઈને તાત્કાલિક અરેરા આવો.” તે વાંચીને પોતાનાં માતુશ્રી માંદાં હતાં તેમને મૂકીને, બીજું બધું લઈને રાત્રિએ અરેરા પહોંચ્યા. શ્રીજીમહારાજે કહ્યું, “સૂઈ જાઓ.” સવારે વહેલા ઊઠી શ્રીજીમહારાજ કહે, “હવે જેમ આવ્યા હતા તેમ બધું લઈને પાછા જાઓ. બસ, આટલું જ તમારું કામ હતું.” છતાં કોઈ પ્રકારનો સંકલ્પ કર્યા વગર મહાપ્રભુની આજ્ઞા શિરે ચઢાવી બધું લઈ પાછા ગયા ત્યારે ઘેર આવી તેમનાં માતુશ્રી પાસેથી જાણ્યું કે, દુશ્મનો ઘરના સૌ સભ્યોને મારી નાખવા અને લૂંટી લેવા આવ્યા હતા. પરંતુ ઘર આખું ખાલી અને માણસોમાં કોઈ હતું નહીં. આથી તેઓ પાછા ગયા. એમને ગલુજી અને સ્વામિનારાયણ ભગવાનનો ગુણ આવ્યો. આથી દુશ્મનો પણ કંઠી બાંધી સત્સંગી થયા. આવી રીતે શ્રીજીમહારાજે પોતાના દઢ નિશ્ચયવાળા અને વિશ્વાસવાળા ભક્તની રક્ષા કરી.

●●●

એક વખત શ્રીજીમહારાજ સંતોએ સહિત તેમના ઘેર પધાર્યા હતા. એ વખતે તેમના (ગલુજીના) માતુશ્રીએ દેહ ત્યાગ કર્યો હતો. શ્રીજીમહારાજ અને સંતો આપણા ઘેર હોય ક્યાંથી..? મા તો હવે ધામમાં ગયાં છે. જે થવાનું હતું તે થઈ ગયું છે. ધામમાં જેનું સુખ લેવાનું છે એ સ્વયં છતે દેહે સુખ આપવા પધાર્યા હોય ત્યાં અશુભ શું હોય !! આવી તક જતી કેમ કરાય ? એટલે તેમણે તેમના માતુશ્રીને પોટલામાં બાંધી ઉપર માળિયામાં મૂકી દીધાં અને વાજતે-ગાજતે શ્રીજીમહારાજને ઘેર લઈ આવ્યા. પછી બે દિવસ મહારાજને ઘેર રાખ્યા. પ્રેમપૂર્વક ખૂબ સેવા કરી અને સમાગમ કર્યો. બે દિવસ ખૂબ લાભ લીધો. માતુશ્રીની વાત કોઈને જણાવવા દીધી નહીં. પછી ત્રીજે દિવસે શ્રીજીમહારાજને સીમાડા સુધી વળાવવા ગયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હવે જાઓ; તમારું કામ પતાવી દો.” પછી તે પાછા વળ્યા. આવા મહિમાવાળા હતા.

**૨. પર્વતભાઈ :** પર્વતભાઈ શ્રીજીમહારાજના મોટા મુક્ત હતા. તેમનો દીકરો કંઠપ્રાણ હતો. તેને મૂકીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા ચાલ્યા. તે ગામને સીમાડે પહોંચ્યા એટલામાં દીકરો મરી ગયો ને મનુષ્ય તેડવા ગયું તોપણ પાછા વળ્યા નહીં. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “દીકરો મરી ગયો ને પાછા કેમ વળ્યા નહીં ?” ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, “એમાં શું ? એ તો છાણમાં જીવડાં પડે ને મરી જાય એવું છે.” એવી એમની સમજણ હતી.

●●●

એક વખત પર્વતભાઈ ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન-સેવા-સમાગમ માટે ગયા હતા. ત્યાં સાત દિવસ સુધી કંઈ જમ્યા નહિ ને પાણી પણ પીધું નહીં. તેમને શ્રીજીમહારાજે પૂછ્યું જે, “તમે ક્યાં જમો છો ?” ત્યારે બોલ્યા જે, “આપનાં દર્શન કરું છું તેમાં બધું આવી જાય છે.” મહારાજ સાથેની કેવી અપાર પ્રીતિ !

●●●

એક વખત દુષ્કાળ પડ્યો. શ્રીજીમહારાજે સદાવ્રત ચાલુ

કર્યું. મહારાજે સદાવ્રત માટે ગામોગામ હરિભક્તો પાસેથી અનાજ લેવા માટે ગાડાં મોકલ્યાં. તેમાં પર્વતભાઈએ સદાવ્રતમાં પોતાના ઘરમાં હતું તે બધું અનાજ આપી દીધું. તેથી તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, "થોડાક દાણા છોકરાંને ખાવા સારુ રાખતા હો તો સારું." ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, "કણબીનાં છોકરાં તો જેમ કૂકડાનાં બચ્ચાં ઉકરડામાંથી દાણા ખોતરી ખાય તેમ પૃથ્વીમાંથી પેદા કરી ખાય માટે એવી ચિંતા શું કરવા રાખવી પડે ?" આમ, તેઓ પુત્ર-પરિવાર કરતાં સંતો-હરિભક્તોને અધિક વ્હાલા કરી રાખતા.

•••

એક વખત શ્રીજીમહારાજે સંતોને ખટરસનાં વર્તમાન આપ્યાં હતાં. ત્યારે પર્વતભાઈ અને તેમના ઘરના સર્વે માણસોએ પણ તે વ્રત રાખ્યાં હતાં. એવો મહિમા તેઓ સંતોનો જાણતા.

**૩. લાધીબા :** લાધીબા ભૂજનાં કાયસ્થ હતાં અને ભૂજમાં ભોગીલાલભાઈ હતા તે તેમનાં સંબંધી હતા. તેઓ સ્વતંત્ર સમાધિનિષ્ઠ હતાં. ને શ્રીજીમહારાજની મૂર્તિને દિવ્ય તેજોમય તેજના સમૂહને વિષે દેખતાં. તેમને એક ખેતરમાંથી કચ્છી બાર મણ મઠ આવતા, તેમાંથી નિર્વાહ ચલાવતાં. તેમને શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે, "તમારી પાસે માતાજીને મોકલ્યાં છે તેમનું પોષણ કરજો." ત્યારે રાજી થયાં પણ શી રીતે પોષણ કરીશ એવો સંકલ્પ પણ થયો નહિ, એવો શ્રીજીમહારાજના વચનમાં વિશ્વાસ હતો.

**૪. માતાજી (ઝમકુબા) :** માતાજી મારવાડમાં એક મહાન રાજાની રાણી હતાં. તેમની કુંવરીનો વિવાહ હતો. ત્યાં જાન આવી હતી. તેમાં ઈડર તથા માણસા આદિકના રાજાની રાણીઓ ગયાં હતાં. તે રાણીઓનાં મુખ થકી વાત સાંભળી જે, "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે." તેથી પોતાના મનમાં વિચાર થયો જે, 'ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ તો મારું કલ્યાણ નહિ થાય.' એમ જાણીને રાત્રિએ બારીએ દોરડું બાંધીને ઊતરીને ચાલી નીસર્યાં. તેમને ખોળ્યાં પણ જડ્યાં નહીં. તેથી રાણાએ ચારે દિશે અસવાર મોકલ્યા તે ઘોડાના ડાબલા વાગતા સાંભળીને તેઓ એક મરેલા ઊંટના ખોખામાં પેસી ગયાં. પછી અસવાર પાછા વળ્યા ત્યારે નીસરીને ચાલ્યાં. તે વાટ્યમાં વણઝારાની પોઠ્ય સાથે વિસનગરના તળાવમાં ઊતર્યાં. ત્યાં રાત્રિના છેલ્લા પહોરે બાઈઓ ગામમાંથી નાહવા આવ્યાં. તેમનો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એવો શબ્દ સાંભળીને તેમની પાસે ચાલીને સર્વે હકીકત કહી. પછી તે બાઈઓ તેમના ગામમાં લઈ ગયાં. પછી શ્રીજીમહારાજ પાસે ગઢડે આવ્યાં. તેમને મહારાજે 'માતાજી' નામ ધરાવીને લાધીબાઈ પાસે ભૂજ મોકલ્યાં. ત્યાં રહીને લાધીબાની સેવા કરી. લાધીબાને દેહ મૂકવો હતો તે દિવસે માતાજીને કહ્યું કે, "મારે આજ ધામમાં જવું છે." તેથી માતાજી ઉદાસ થઈ ગયાં ને બોલ્યાં જે, "મને સાથે લઈ જાઓ." પછી તેમને પ્રથમ દેહ મુકાવીને સ્વતંત્રપણે પોતે દેહોચ્છવ કરીને ધામમાં ગયાં.

**૫. સુંદરજી સુતાર :** સુંદરજી સુતાર કચ્છ-ભૂજના હતા. તેમણે શ્રીજીમહારાજની ઘણી સેવા કરી હતી. અને શ્રીજીમહારાજ એમને ઘેર બહુ રહ્યા હતા. તે શ્રીજીમહારાજની કૃપાથી દિવ્યદૃષ્ટિ પામેલા હતા. તે જાનમાં ગયા હતા. તેમને શ્રીજીમહારાજે વસ્ત્ર, ઘરેણાં, થોભા ઉતરાવીને કૌપીન વળાવીને તુંબડી આપીને કાશીએ મોકલ્યા. તોપણ એમ ન કહ્યું જે હું જાન વળાવીને પછી જાઉં ને મનમાં સંકલ્પ પણ થયો નહીં. એવું મહિમા વિના થાય નહીં.

**૬. બંધિયાના ડોસા વાણિયા :** ગામ બંધિયાના ડોસા વાણિયાનું ધન કૂવામાં નાખી દેવરાવ્યું ને કૌપીન પહેરાવીને તુંબડી લઈને કાશીએ મોકલ્યા. તે વડોદરે જતાં સદ્. મુક્તાનંદ સ્વામી મળ્યા. તેમણે પાછા વાળ્યા ને શ્રીજીમહારાજ પાસે મોકલ્યા. તેથી શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "ઘેર જાઓ ને ઘરનું માણસ ઘરમાં હોય ત્યારે તમારે બહાર રહેવું અને એ બહાર નીકળે ત્યારે તમારે ઘરમાં જવું ને જો બેય સાથે ઘરમાં જાઓ તો ઉપવાસ કરજો." એમ આજ્ઞા કરી; જે તેમણે દેહ પર્યંત પાળી હતી.

આમ, શ્રીજીમહારાજે વચનામૃતમાં જે જે હરિભક્તોનાં નામ આપ્યાં છે તેમણે શું શું કર્યું છે તેનું ટૂંકમાં વર્ણન આપણે જોયું. આ હરિભક્તોમાંથી પ્રેરણા લઈ આપણે પણ મહારાજ ને મોટાપુરુષ માટે 'શું ન થાય ?' આવા મહિમાના વિચારથી હોમાઈ જવા કટિબદ્ધ થઈએ. હવે, આગળ શ્રીજીમહારાજે

સમર્પણની પ્રેરણા મહાત્મ્યની પેદાશ છે.

વચનામૃતમાં શી વાત કરી છે તે જોઈએ.

**વચનામૃત :**

**અને વળી એમ કહ્યું જે જેને ભગવાનનો નિશ્ચય મહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે. તે ઉપર પોતાની વાત કરી જે, અમારો સ્વભાવ કેવો હતો તો ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ એવા ત્યાગી હતા ને વૈરાગ્ય અતિશે હતો ને શ્રી રામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું તોપણ સ્વામીએ ભૂજનગરથી કહાવી મોકલ્યું જે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે, એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યારપછી તેમણે કહ્યું જે, મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો. પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા, એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને નિશ્ચય જાણીએ.**

**વિશ્લેષણ :**

આગળ મહારાજે મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેવા હરિભક્તોનાં નામ આપ્યાં. અને હવે મહારાજ પોતાનું દૃષ્ટાંત આપીને આપણને પ્રેરણા આપી રહ્યા છે.

મહારાજ કહે છે કે, અમારો ત્યાગી સ્વભાવ હતો. વૈરાગ્ય પણ અતિશે હતો. કોઈ એક સ્થાનમાં પણ વધુ રહેતા નહીં. તોપણ સદ્. રામાનંદ સ્વામી સાથે અસાધારણ હેત અને મહિમાના કારણે તેઓએ ભૂજનગરથી કહાવી મોકલ્યું કે, “જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.” આ આજ્ઞાને અધ્ધરથી ઝીલવાના પ્રતીક રૂપે અમે (મહારાજે) આશ્રમના થાંભલાને બાથ લીધી.

અહીં સદ્. રામાનંદ સ્વામીએ જે આજ્ઞા કરી કે થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે એનો સિદ્ધાંત સમજીએ.

આમાં સદ્. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને એમ કહ્યું જે, તમે સાક્ષાત્ ભગવાન છો. ને જીવોના કલ્યાણ કરવા મનુષ્યને મનુષ્ય જેવા દેખાવ છો. તો સત્સંગમાં થાંભલા એટલે જડ જેવા મનુષ્ય પણ હશે. તેમની જોડે પણ બાથ ભીડીને એટલે કે હેત-પ્રેમથી રહેવું પડશે. બીજો અર્થ એ કે તમારી આગળ સર્વે જીવ-પ્રાણીમાત્ર થાંભલા જેવા એટલે માયિક અને અસમર્થ છે. તોપણ તમે જીવોના કલ્યાણ કરવા પધાર્યા છો. તેથી આ લોકના મનુષ્ય ભેળું રહેવું પડશે અને જેવા તેવા જીવોનું પણ પૂરું કરવું પડશે.

સદ્. રામાનંદ સ્વામીએ બીજી આજ્ઞા કરેલી કે, સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. તો વર્ણી નવ મહિના સુધી સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.

**વચનામૃત :**

**...અને આવી રીતનો જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઇત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તોપણ એમ સમજે જે, ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ, એ તો ભગવાનના ધામને જ પામે અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તોપણ તે તો નિશ્ચે યમપુરીમાં જાય.**

**વિશ્લેષણ :**

આમ, આગળ કહ્યો તેવો ભગવાન ને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય એ તો છતે દેહે મૂર્તિસુખમાં જ છે. એને મરીને ધામમાં જવાનું રહેતું નથી. આથી કદાચ અવરભાવમાં દેહ ગમે તે રીતે પડે તે મહત્ત્વનું નથી.

જેને આવો નિશ્ચય ન હોય અને ભગવાનની આજ્ઞામાં પણ ન રહેતો હોય તેવા માટે તો નરકચોરાશી ઊભી જ છે. એટલે કદાચ બોલતો-ચાલતો દેહ પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બાળે તોપણ તે નિશ્ચે યમપુરીમાં જ જાય.

માટે એકડા વિનાનાં મીંડાં ગમે તેટલાં થાય તોય શું કામનું ? માટે એકડાને ઠેકાણે શ્રીજીમહારાજનો આવો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય દૃઢ કરવો. એવા નિશ્ચયવાળાનાં લક્ષણ શું ? તો ભગવાન ને સંતને અર્થે શું ન થાય ? આવાં હિંમત અને બળ જેને વર્તતાં હોય તે હરિભક્ત પાકો કહેવાય. બાકી હિંમત વિનાનાં વચનો બોલતા હોય કે, “થાય તેટલું કરીએ, શું મરી જઈએ !! આપણે તો થાય એટલી સેવા કરવી.” આવા મનમુખીપણાના શબ્દો બોલાય એને શ્રીજીમહારાજનો મહાત્મ્ય સોતો નિશ્ચય ન કહેવાય.

મહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને એ જ પ્રાર્થના કે, દયાળુ ! આપે કહ્યું તેવા મહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચયવાળા અમે સૌ થઈએ એવી કૃપા કરો, કરો ને કરો.



સત્સંગની સ્થિરતાનો આધાર સમજણ પર છે.



# કઠણમાં કઠણ સાધન

જગતની રીત કરતાં મુમુક્ષુ અધ્યાત્મની રીત જુદી જુએ અને એમાં મન સાથે સમાધાન કરવાનું થાય ત્યારે મુમુક્ષુના મનમાં ઘણા પ્રકારના તર્ક ઊઠે છે. તેને સમાવવા મુમુક્ષુ સદ્‌ગુરુનો આશરો લે તો તેના સર્વે સંતાપ ટળી જાય છે. અહીં એક મુમુક્ષુને અનુભવાતી મૂંઝવણ સદ્‌ગુરુને પત્ર દ્વારા જણાવી પ્રત્યુત્તર માગ્યો છે. તેને અહીં આલેખ્યો છે.

**મુમુક્ષુએ સદ્‌ગુરુશ્રીને લખેલ પત્ર :**

મારા હૃદય સિંહાસન ઉપર સદાય બિરાજિત, મને પોતાનો જાણી સદા ચિંતા રાખનારા મારા અતિ વ્હાલા ગુરુવર્યશ્રીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત સહ જય સ્વામિનારાયણ.

ગુરુજી, આપ તો મારી દુખતી નસને પકડી સાચી દવા અને દિશા આપનારા વૈદ્ય, સાચા પથદર્શક અને પરમ રક્ષક છો. આપની પાસેથી મારા જીવનની ખૂટતી કડી પૂરવાનું માર્ગદર્શન મળતું જાય છે. તેને અનુસરતાં મારા જીવનની કસરો આપમેળે ટળતી જાય છે. ગત પત્રમાં આપે મારી મૂંઝવણનું સમાધાન આપી ખરેખર મને નવું જીવતદાન આપ્યું છે. હું મોબાઈલ ઍડિક્શનનો ભોગ બની ગયો હતો. કદાચ જો આપે મને સમયે ચેતવ્યો ન હોત તો સોશિયલ મિડિયાના ચક્કરમાં અને ગેઈમ પાછળ મારું જીવન જ ખોઈ બેસત.

ગુરુજી, મેં મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ બંધ કર્યો છે. તેથી સાડા ચાર કલાકનો સમય ફાજલ મળ્યો. જેનો ઉપયોગ મેં વાંચન માટે કર્યો. હું મહાન વ્યક્તિનાં જીવનચરિત્ર ક્યારેક વાંચું છું અને વચનામૃત તો રોજ એકાગ્રતાથી વાંચીને પારાયણ કરું છું. સાથે બાપાશ્રીની વાતો પણ વાંચું છું. જેમાં **ગઢડા પ્રથમના ૧લા વચનામૃતમાં મહારાજે પહેલા જ પ્રશ્નમાં પૂછ્યું છે કે, "સર્વે સાધનમાં કિયું સાધન કઠણ છે ? ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી."** ત્યારબાદ બાપાશ્રીની વાતોમાં અને કથાશ્રવણમાં પણ આ જ વાત ફરી રિપિટ થઈ.

**વેગે વહેતા વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે.**

ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ — આ કઠણમાં કઠણ સાધન કેમ ? એમાં શું અઘરું છે ? એમ વિચારી મેં બીજા દિવસે નક્કી કર્યું : મારે આજે અખંડવૃત્તિ રાખવી છે. અને ત્યાં તો ગુરુજી આ માંકડાં જેવું મન એક કલાક તો નહિ, એક મિનિટ પણ નહીં. અરે, દસ સેકન્ડ ભગવાનમાં વૃત્તિ રાખવા દેતું નથી. હાથમાં માળા કે પુસ્તક લઉં તો અન્ય કાર્યો યાદ આવે. અન્યને ફોન કરવાના યાદ આવે. ધ્યાનસાધના કે માનસીપૂજા કરવા બેસું તો ભૂતકાળમાં જે કાંઈ બની ગયું હોય તેની રીલ્સ ચાલુ થઈ જાય. ભવિષ્યની ચિંતા થાય. અરે, ધ્યાનમાં જે કાંઈ યાદ આવે તેના ઊભા થઈ પ્રતિભાવો પણ આપી દઉં છું. જો માત્ર સાધના દરમ્યાન પણ મનની વૃત્તિને એકાગ્ર અને સ્થિર કરી શકાતી નથી તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિને અખંડ રાખી જ ન શકાય. જો બહુ પ્રેશર કરું તો મૅન્ટલી સ્ટ્રેસ લાગે છે. ખરેખર ગુરુજી, આ મારા જેવા સાધનિકનું કામ નથી. એ તો આપના જેવા સિદ્ધપુરુષો હોય એ જ મનને સંયમિત કરી કહ્યાગરું બનાવી શકે. આજના આ યુગમાં આવો સંયમ શક્ય જ નથી. બહુ પ્રયત્ન કરવા છતાં નિષ્ફળ જવાથી હતાશ-નિરાશ થઈ જવાય છે. આપ આ અંગે માર્ગદર્શન આપવા કૃપા કરશો તેવી પ્રાર્થના.

**સદ્‌ગુરુશ્રીનો વળતો પત્ર :**

મુદ્રિત, મારા વ્હાલા દીકરાને સ્નેહભર્યા જય સ્વામિનારાયણ.

મોબાઈલનો દુરુપયોગ બંધ કરી ફાજલ સમયમાં આપણો ભવ્ય વારસો એવા ગ્રંથરાજ વચનામૃત અને બાપાશ્રીની વાતોનો અભ્યાસ ચાલુ કર્યો એ જાણી અમે ખૂબ રાજી થયા. આ બે એવા સર્વોપરી ગ્રંથો છે કે જે હરપળ, હરક્ષણ આપણા જીવનની ખૂટતી કડીને પૂરી જીવનને સમૃદ્ધ બનાવે છે. એમાંય વચનામૃત ગ્રંથના પ્રથમ ચરણ ઉપર તેં લક્ષ આપી ઊંડું વિચાર્યું, તે માટે પ્રયાસ કર્યો તે માટે ધન્યવાદ !

મુદ્રિત, આ માંકડાં જેવું ચંચળ મન એક ક્ષણ પણ એક સ્થિતિમાં સ્થિર રહેતું નથી. ઘડીકમાં ભજન કરે તો ઘડીકમાં વિષયના વિચારો કરે. ઘડીકમાં આનંદ-સુખ તો ઘડીકમાં દુઃખી. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણોનું સંયોજન આપણું મન છે. જ્યારે જે ગુણ પ્રધાનપણે વર્તતો હોય એવી વૃત્તિ થાય છે.

સત્ત્વગુણ આપણા મનની વૃત્તિમાં ભજન-ભક્તિ, જ્ઞાન અને આનંદ ઉત્પન્ન કરે છે. સાધનામાં પાટો ગોઠે છે. ચિત્તરૂપી સરોવર શાંત અને સ્વસ્થ હોય છે તેથી અધ્યાત્મ આનંદ હિલોળા મારે છે.

રજોગુણમાં મનની વૃત્તિ પ્રવૃત્તિના હિલોળે ચડી જાય છે. એક શમે ને બીજો, બીજો શમે ને ત્રીજો એમ ઘાટ-સંકલ્પ નિરંતર ઊઠ્યા કરે છે. વૃત્તિ અતિ ચંચળ બની જાય છે. અંતર અસ્થિર બને છે.

તમોગુણ મનની વૃત્તિમાં આળસ-પ્રમાદ અને ગાફલતા ભરી દે છે. કંઈ કરવાનું સૂઝે નહીં. શૂનકાર અવસ્થા જેવું લાગે. વળી, ક્રોધ, અકળામણ તરફ વૃત્તિ ઢસડી જાય. મન આત્માને નિર્બળ બનાવી નીચેની સપાટીએ લઈ જાય છે.

મુદ્રિત, જો તું મનની વૃત્તિને બળજબરીથી દબાવીશ તો તે સ્પ્રિંગની જેમ ઊછળશે. સબળ દુશ્મન સામે બળથી લડવામાં હાર થાય છે અને તેને કળથી વશ કરવાથી જીત થાય છે. તેમ મનના સ્વભાવને જાણી સજાગપણે કળથી, સમજણથી તેને સંયમી કરીશ તો ચોજાળી થઈ ભટકતી વૃત્તિઓ આપોઆપ સંયમી થઈ જશે.

આજ સુધી તું કાયમ મનની ભેગા ભળી જઈ એ વસ્તુ, પદાર્થ, વ્યક્તિ જ્યાં લઈ જાય ત્યાં વૃત્તિ ફેલાવી ચોજાળો થઈને જ ફર્યો છે. એની સામે પડવાને બદલે એના ગુલામ થઈ એનું કહ્યું કરીને અંતઃકરણ ભ્રષ્ટ કરી નાખવામાં જરાય ખચકાટ થયો નથી. તેથી જ તો આજે તારી એકની જ નહિ, મનના ગુલામ થઈ ફરનારા બધાની કાર્યક્ષમતા અને કાર્યની એકાગ્રતા ઘટતી જાય છે. કાર્ય પૂર્ણ કરવામાં જરૂર કરતાં વધુ સમય જાય છે. ધારેલી સફળતા મળતી નથી. અધ્યાત્મ સાધના પણ ખજીને પડતી નથી તો શાશ્વત શાંતિનો અનુભવ થાય ક્યાંથી ? આ બધાનું કારણ છે મનની અસંયમી વૃત્તિ.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે,

"વેગે વહેતાં વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દિલ જ્યાં લગી બ્રહ્મ ન પ્રકાશે રે."

સાધકનો સાધના માર્ગ સંયમથી જ શરૂ થાય છે.

એક વખત એક સંત પાસે એક મુમુક્ષુ યુવાને આવી જ્ઞાનની

માગણી કરી. સંતે કહ્યું, "પહેલાં તું મારું એક કામ કર પછી તને શિષ્ય બનાવી જ્ઞાન આપીશ. લે, આ પેટી સામેના ગામે એક સંતનો આશ્રમ છે તેમને આપી આવ."

યુવક પેટી લઈને ચાલ્યો. થાક લાગતાં ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠો. પેટી પર નજર પડતાં વિચાર સ્ફૂર્યો, 'આ પેટીમાં શું હશે ? લાવને જોઉં.' તરત અંતરાત્મામાંથી અવાજ ઊઠ્યો, 'કોઈની અમાનત ન જોવાય.' ઊભો થઈ ચાલતો થયો. પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ પેટી ખોલવાની ઇચ્છા પ્રબળ બનતી ગઈ. અંતે પેટી ખોલી તો અંદરથી એક ઉંદરડી કૂદીને બહાર ઝાડીમાં જતી રહી.

યુવકે વીલા મોંએ સંત પાસે આવી બધી વાત કરી. સંતે કહ્યું, "આ ઉંદરડી તારા માટે એક તક સમાન હતી. તેં તેને ગુમાવી દીધી છે. તારામાં આત્મસંયમની ખામી છે. માટે તું જ્ઞાન નહિ પામી શકે. સંસારમાં પાછો જા."

મુદ્રિત, અધ્યાત્મ માર્ગમાં આત્મસંયમી બનવું બહુ જરૂરી છે. એક રીતે જોવા જઈએ તો મનનો સંયમ કેળવવો એ બહુ લાંબી યાત્રા છે. જ્યારે મનથી જ પર થઈ જવું એ ટૂંકી યાત્રા છે. એટલે કે હું દેહ છું જ નહિ, આત્મા છું. આત્માને અનાદિમુક્ત કરી દીધો છે તો હવે મારે વિષે દેહ કે દેહના ભાવો, મન કાંઈ છે જ નહીં. નિરુત્થાનપણે જાગૃતિ સાથે આ અભ્યાસ કરવાથી મનથી પર થઈ જવાય. પરંતુ જ્યાં સુધી આવું નિરુત્થાનપણું ન થાય ત્યાં સુધી પ્રાથમિક ઉપાય તો કરતા જ રહેવું પડે.

**મનની વૃત્તિને સંયમિત કરવા માટેના કેટલાક ઉપાયો :**

**૧. ઊંડા શ્વાસોશ્વાસ સાથે સ્વામિનારાયણ મહામંત્રનું નાભિમાંથી રટણ કરવું :** સ્વામિનારાયણ મહામંત્રનું નાભિમાંથી રટણ કરવું. રટણ કરતાં જીભ, દાંત કે હોઠને પણ હલવા ન દેતાં નાભિમાંથી ઉચ્ચારણ કરવું. તેનાથી ડહોળાયેલી વૃત્તિ સ્થિર થાય અને આપોઆપ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે.

**૨. નિર્વિકલ્પ માળા કરવી :** ૧૦૮ મણકાની માળા પૂરી ન થાય ત્યાં સુધી કોઈ વિચાર કે ઘાટ ન ઊપજે તેવી સાવધાની રાખવી. જ્યાંથી ઘાટ ઊપજે ત્યાંથી ફરી માળા ચાલુ કરવી. સતત આવો પ્રયત્ન કરતાં નિર્વિકલ્પ અવસ્થાએ વૃત્તિ ન્યૂટ્રલ થાય છે. પછી તેને ભગવાનના સ્વરૂપમાં જોડવી સહેલી થઈ જાય છે.

**૩. ચરિત્ર ચિંતન :** શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૩૮મા વચનામૃતમાં સરસ ઉપાય જણાવ્યો છે કે, "ભગવાનના ચરિત્રરૂપી જાળાને વિષે મનને ઘૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા, એક શમ્યો ને બીજો કરવો; બીજો શમ્યો ને ત્રીજો કરવો એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહીં."

**૪. સાક્ષીભાવે મનમાં ઊઠતા વિચારો જોવા અને છોડી દેવા :** ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આ અંગે જણાવે છે કે, "મનમાં સતત જે કાંઈ થઈ ગયું છે, બની ગયું છે તે ભૂતકાળના વિચારો જ આવતા હોય છે. તો જે કાંઈ બન્યું છે તેના પોતે કર્તા ન બનો. સાક્ષીભાવે તેને જુઓ." કેવી રીતે ?

**i) વાદળ–આકાશને ન્યાય :** આકાશમાં વાદળાં આવે છે અને જાય છે એવું દેખાય છે પણ આકાશને વિષે વાદળાં સ્પર્શતાં નથી. આકાશ તો વાદળાંથી સાવ નિર્લેપ છે. તદ્દન સ્વચ્છ, નિર્મળ જ છે. વાદળ અને આકાશ બે જુદાં જ છે. તેમ આકાશના સ્થાને હું આત્મા - અનાદિમુક્ત છું. જે કાંઈ બન્યું છે કે જે કાંઈ વિચારો આવે છે તે વાદળાં છે. હું તેનાથી તદ્દન નોખો છું. તેને સાક્ષીભાવે જોવા અને મારી સાથે કાંઈ નથી બન્યું કે મારા વિચારો નથી એ ભાવે છોડી દેવા.

**ii) સીન–સ્ક્રીન ન્યાયે :** પ્રૉજેક્ટરની સ્ક્રીન ઉપર વારંવાર જુદા જુદા સીન (ચિત્રો) બદલાયા કરે છે. કોઈ હર્ષના, આનંદના સીન હોય; કોઈ દુઃખની લાગણી ઊપજાવે તેવા સીન હોય; કુદરતી દૃશ્ય પણ હોય અને અગ્નિની જ્વાળા બળતી પણ દેખાય છે. છતાં સ્ક્રીનને તેમાંનું કાંઈ સ્પર્શતું નથી. કારણ, સીન અને સ્ક્રીન બે જુદા જ છે. તેમ મનમાં આવતા વિચારો એ સ્ક્રીન ઉપર આવતા સીન જેવા છે. આપણે સ્ક્રીન છીએ. તો જે કાંઈ વિચારો આવે તેને જોઈ છોડી દેવા; પોતાના ન માની લેવા. તો તે વિચારોનું મંથન નહિ થાય. પુનરાવર્તન નહિ થાય. વિચારોને નિવૃત્ત કરી શકાય.

આ ઉપાયોને અમલમાં મૂકવા પ્રયત્ન કરીશ તોપણ તારો આત્મસંયમ વધતો જશે. આમાં સફળતા મળે તેટલી વ્યવહાર અને અધ્યાત્મ બેયમાં તને સફળતા મળશે. માટે આગ્રહપૂર્વક આ માટે સતત પ્રયત્ન કરજે.

જય સ્વામિનારાયણ.

શાંતિનો અનુભવ મનની સંયમવૃત્તિ પાસે છે.



# ઉત્તરાધિકારી કોણ ?

વર્ષો પહેલાંની એક વાત છે. એક આશ્રમ હતો. જેમાં એક ગુરુ પોતાના શિષ્યો સાથે રહેતા હતા. ગુરુપુત્ર પણ અન્ય શિષ્યોની સાથે વિદ્યા પ્રાપ્ત કરી રહ્યો હતો. ગુરુ બધાને સમભાવે વિદ્યા આપતા અને ભૂલ થાય તો બધાને ખૂબ જ કઠિન દંડ આપતા.

ગુરુના એક પરમ શિષ્યનું નામ પરમાનંદ હતું. ગુરુના પુત્રનું નામ હતું રામાનંદ. રામાનંદને એવો ઘમંડ હતો કે, 'એ મોટો થશે એટલે એને જ પિતાનો વારસો મળશે. પોતે જ ગુરુ બની આશ્રમનું સંચાલન કરશે.' પરંતુ ગુરુની વિચારધારા તટસ્થ અને આદર્શ હતી.

તેઓ પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક માટે સજાગ હતા અને મનસા નિર્ણય કર્યો હતો કે જે પણ શિષ્ય સાચા ભાવથી સેવા કરશે તેને જ પોતાનો વારસો આપી ઉત્તરાધિકારી કરશે.

પરમાનંદ નિઃસંશય થઈ, દૃઢ વિશ્વાસ અને પૂર્ણ શ્રદ્ધાથી ગુરુઆજ્ઞાને અધ્ધર ઝીલતા. એક વખત ગુરુ પોતાના શિષ્યોની સાથે અન્ય ગામમાં પરિભ્રમણ કરી રહ્યા હતા. ત્યારે તેમના હાથમાંથી કમંડળ છટકી ગયું અને એક ગંદા પાણીના નાળામાં પડી ગયું. પાણીમાં કેટલાય નાના જીવજંતુઓ દેખાતા હતા, અસહ્ય દુર્ગંધ આવી રહી હતી. તમામ શિષ્યો નાળા સામે જોઈ ઊભા રહ્યા. આમતેમ ફરવા લાગ્યા. કમંડળને બહાર કોણ કાઢશે તેની અરસપરસ ચર્ચા કરવા લાગ્યા. એટલામાં પરમાનંદ આ દુર્ગંધભર્યા નાળાના પાણીમાં ગળાડૂબ ઊતર્યા અને કમંડળને શોધવા લાગ્યા. થોડી વારમાં કમંડળ મળી જતાં તેને લઈ બહાર આવ્યા. શુદ્ધ પાણીથી કમંડળને સાફ કરી ગુરુના હાથમાં અર્પણ કર્યું.

આ પ્રસંગથી ગુરુ પોતાના શિષ્ય પરમાનંદ પર ખૂબ ખુશ થયા. સૌને પણ એવો વિશ્વાસ બેસી ગયો કે પરમાનંદ જ સૌ કરતાં શ્રેષ્ઠ રીતે ગુરુઆજ્ઞાનું, ગુરુમરજીનું પાલન કરે છે. ગુરુજીની મરજીને સમજે છે. ગુરુમરજીને પૂર્ણ કરવામાં પોતાના દેહની પણ પરવા કરતા નથી.

આવા પ્રસંગો અવારનવાર બનતા. ગુરુ જ્યારે કઠિન આજ્ઞા કરે ત્યારે બીજા શિષ્યો મનમુખીપણે વર્તતા. જ્યારે પરમાનંદ તત્કાળ ગુરુઆજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતા. જેથી પરમાનંદ ગુરુના પ્રિય શિષ્ય બની ગયા હતા. ગુરુ હંમેશાં તેમને પોતાની અંગત સેવામાં નિકટ રાખતા. સભા વચ્ચે તેમના ગુણગાન કરતા. આ જોઈ રામાનંદને ઈર્ષ્યા થવા માંડી.

એક વખત રામાનંદે ગુરુપિતાને કહ્યું કે, "તમે નાહકના જ પરમાનંદને પોતાનો પ્રિય શિષ્ય સમજી બેઠા છો. એ મારી

**આજ્ઞાપાલન મોક્ષ પ્રાપ્તિનું સાધન છે.**

સરખામણીમાં તો કાંઈ જ નથી. હું તો તમારો દીકરો છું.''

ગુરુએ હસતાં હસતાં કહ્યું, ''બેટા, આ પ્રશ્નનો જવાબ હું તને સમય આવે ત્યારે આપીશ.''

એક વખત શિયાળાની ઋતુ હતી. એક રાત્રે ગુરુએ પોતાના પુત્ર રામાનંદને બોલાવીને કહ્યું, ''બેટા, મારાં આટલાં કપડાં નદીકિનારે જઈ ધોઈને લઈ આવો. કાલે સવારે મારે આની જરૂર છે.''

રામાનંદે પિતાને કહ્યું, ''પિતાશ્રી, આવતી કાલે સવારે આ કપડાંને ધોઈ આપીશ. અત્યારે તો રાત પડી ગઈ છે અને ઠંડી પણ ઘણી છે.''

એ જ સમયે ગુરુ રામાનંદનો હાથ ઝાલી શિષ્ય પરમાનંદ પાસે લઈ આવ્યા. પરમાનંદ સૂતા હતા. ગુરુએ તેમને જગાડીને કહ્યું, ''કાલે સવારે મારે આ કપડાં પહેરવાં છે પરંતુ ખૂબ મેલાં છે. માટે તું અત્યારે જ નદીકિનારે જઈ આને ધોઈ લાવ.''

ગુરુઆજ્ઞા થતાં જ પરમાનંદ કાંઈ પૂછ્યા, કહ્યા વગર ઊભા થયા અને કપડાં ધોવા માટે નદીકિનારે ચાલી નીકળ્યા. કડકડતી ઠંડીમાં બધાં જ કપડાં ધોઈ આશ્રમમાં લાવી સૂકવી દીધાં.

આ ઘટનાથી રામાનંદને પોતાના પ્રશ્નનો જવાબ મળી ગયો. સવાર પડી. સભા ભરાઈ. ગુરુએ આ પ્રસંગ પરથી પરમાનંદની પ્રશંસા કરતાં કહ્યું કે, ''પરમાનંદ બધાથી અલગ છે. તેણે કદી મારી જીભ પર પગ નથી મૂક્યો. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. તેણે બુદ્ધિના ત્રાજવે આજ્ઞાને કદી તોલી નથી. આજ્ઞા પાળવામાં દેહની સુખાકારી સામે જોયું નથી. સરળ સ્વભાવી છે. નિધડકપણે ગમે ત્યારે, ગમે તે સેવા બતાવું તો કાયમ તૈયાર. વગરવાંકે કોઈ સેવા છોડાવું તોય રાજી. એને ગમે ત્યારે, ગમે તે, ગમે તેટલાની વચ્ચે મારે કહેવું હોય તે વઢીને કહી શકું છતાં તેના મુખની રેખા ક્યારેય બદલાઈ નથી. મારાથી જરાય છેટો થયો નથી. એના જેવો શિષ્ય મેં આજ સુધી જોયો નથી. તમારે સૌએ એનામાંથી ઘણું શીખવાનું છે. પરમાનંદ જ મારા આ ગુરુકુલનો ભાવિ ઉત્તરાધિકારી હશે.''

આટલું કહી ગુરુએ પરમાનંદને ઊભા કરી પ્રશ્ન પૂછ્યો કે, ''ગુરુઆજ્ઞા માનવી શા માટે જરૂરી છે ? તે આ બધાને જણાવ.''

પરમાનંદે સરળ ભાષામાં કહ્યું, ''ગુરુઆજ્ઞા એ ગુરુપ્રસન્નતાનું ઉત્તમ સાધન છે. ગુરુઆજ્ઞા એ મોક્ષ માર્ગનું શ્રેષ્ઠ સાધન છે. મોક્ષ માટે ગુરુપ્રસન્નતા જરૂરી છે. અને ગુરુપ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે ગુરુઆજ્ઞાનું પાલન કરવું જરૂરી છે. જગતમાં કોઈ એવા ગુરુ નથી હોતા જે શિષ્યનું અહિત ઇચ્છે. તો શા માટે ગુરુની આજ્ઞામાં વિલંબ કે શંકા કરવી જોઈએ ? ગુરુઆજ્ઞાનું પાલન જ આપણને અધ્યાત્મ સાધનામાં સરળતા અને સફળતા બક્ષશે.''

પરમાનંદની આ વાત સાંભળી બધા શિષ્યો પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને પરમાનંદની જેમ ગુરુમરજીમાં હોમાઈ જવા દૃઢ સંકલ્પી બન્યા. વર્ષો વીતતાં ગુરુ અંતર્ધાન થયા ત્યારે પરમાનંદને આશ્રમનું ઉત્તરાધિકારી પદ આપી આશ્રમનું સંચાલન કરવાની જવાબદારી સોંપાઈ.

• • •

વર્તમાનકાળે એસ.એમ.વી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજિત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની અનુજ્ઞામાં અદ્યપિ પર્યંત ટુક ટુક થઈ વર્ત્યા છે. સ્વયં પરભાવનું સ્વરૂપ હોવા છતાં, અનંત કલ્યાણકારી ગુણે યુક્ત હોવા છતાં, સ્વયં સિદ્ધપુરુષ હોવા છતાં ગુરુની આજ્ઞામાં કેવી રીતે ઓગળીને રહેવું જોઈએ તેની પ્રેરણા સાધનિકમાત્રને સ્વજીવન દ્વારા આપી છે.

તા. ૨૪-૮-૨૦૧૩ના રોજ સંસ્થાના વરિષ્ઠ સંત વિરમગામ ખાતે હરિકથામાં (શ્રાવણ માસની) પારાયણની પૂર્ણાહુતિ માટે પધારી રહ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પધારેલા હોવાથી પૂ. સંતો ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધાર્યા. ગુરુદેવે પૂછ્યું, ''સંતો, ક્યાં પધારો છો ?'' પૂ. સંતોએ કહ્યું, ''બાપજી, વિરમગામ પારાયણની પૂર્ણાહુતિમાં જઈએ છીએ.'' ગુરુદેવે કહ્યું, ''કેમ ? સ્વામી નથી પધારવાના ?'' પૂ. સંતોએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે, ''બાપજી, સ્વામીને ખૂબ ઉધરસ છે. ગળામાં સોજો છે. તાવ પણ છે. પાંચ મિનિટ પણ સળંગ બોલી શકાતું નથી. માટે અમે જઈએ છીએ.''

ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, ''સંતો, સ્વામી પધારે તો સમાસ ઘણો થાય માટે સ્વામીને જાણ કરો કે, જાય તો સારું.'' પૂ. સંતોએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વાત કરી. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા થતાં જ દેહની પરવા કર્યા વિના વિરમગામ જવા તૈયાર થઈ ગયા. ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધાર્યા. ગુરુદેવે રાજી થઈ કહ્યું, ''સ્વામી, મહારાજ બધું સંભાળી લેશે, જાવ.'' ''ભલે બાપજી'' કહી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિરમગામ જવા ગાડીમાં બિરાજ્યા. ગાડીમાં પૂ. સંતોએ કહ્યું, ''ગુરુજી, અડધો કલાક આપ લાભ આપજો. પછી અમે સંતો લાભ આપીશું. આપને તકલીફ ન પડે.'' ગુરુજીએ કહ્યું, ''સંતો, ગુરુદેવની આજ્ઞા છે. ગુરુદેવ બોલ્યા છે મહારાજ બધું સંભાળી લેશે. ગુરુદેવની રુચિ અમારી પાસે કથા કરાવવાની છે માટે એનો લોપ નહિ કરીએ. દેહ અધિક કે ગુરુદેવની આજ્ઞા અધિક !''

નિજ કૂંડાળું છૂટે તો ગુરુ કૂંડાળામાં પ્રવેશ પમાય.

વિરમગામની પૂર્ણાહુતિ સભામાં છેક સુધી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ લાભ આપી અનેકને સુખિયા કર્યા. આ દરમ્યાન એક પણ વખત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને ઉધરસ આવી નહીં. આ જોઈ પૂ. સંતોને સમજાયું કે ગુરુઆજ્ઞામાં વર્તવાથી અશક્ય પણ શક્ય બની જાય છે. ગુરુના કલ્યાણકારી ગુણોનો વારસો પામવાનો આ જ એકમાત્ર સરળ ઉપાય છે.

આમ, ગુરુમરજીમાં, ગુરુવચનમાં ટુક ટુક થઈ વર્તવાની તૈયારી કેળવનારા શિષ્યો પર જ ગુરુરાજીપાની હેલી વરસતી હોય છે. એ જ એમના કલ્યાણકારી ગુણોના ઉત્તરાધિકારી બની શકે છે. આપણે પણ ગુરુજીની અલ્પથી માંડી મહદ આજ્ઞા-મરજીનું પાલન કરી ગુરુજીના કલ્યાણકારી ગુણોના ઉત્તરાધિકારી બનવા પાત્ર બનીએ.

## પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે., યુ.એસ.એ. તથા કેનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના શ્રીજીમહારાજના ભવ્ય અને પ્રચંડ સંકલ્પને પૂરો કરવા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશ ખાતે સત્સંગ વિચરણ કરી રહ્યા છે. તા. ૧૩ જુલાઈના રોજ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. રાજીપાસ્વામી અને પૂ. વિનમ્રસ્વામીનું મંડળ વિદેશ સત્સંગ વિચરણ માટે ગયું હતું. સાથે હરિભક્તોમાં મગનભાઈ વસોયા તથા સિદ્ધાંતભાઈ અબાસણાએ લાભ લીધો હતો. મહારાજ-બાપાના સંકલ્પો પૂરા કરવા માટે વિવિધ પ્રકારે સત્સંગની પ્રવૃત્તિઓનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધરામણી, મહાપૂજા, અગ્રેસર તાલીમ, AYP કેમ્પ, બાળ-કિશોર સભા, અંગત બેઠક તથા શિબિરો દ્વારા હરિભક્તો મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યથી હર્યાભર્યા થયા હતા. વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ પણ ઑનલાઇન દિવ્યવાણી તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા.

આ સંત મંડળે તા. ૧૩થી ૧૯ જુલાઈ લંડન, તા. ૩૧ જુલાઈથી ૧૦ ઑગસ્ટ કેનેડા ખાતે તથા બાકીના તમામ દિવસો અમેરિકા ખાતે વિચરણ કર્યું હતું. આમ, લંડન, અમેરિકા તથા કેનેડા ખાતે ૬૫ દિવસના વિચરણમાં કુલ ૮૬ પધરામણી, ૯૬ જેટલી સભા-શિબિરો, ૨૨૦ જેટલી અંગત બેઠકો તથા અન્ય નાના-મોટા પ્રોગ્રામો તથા મિટિંગો આદિ દ્વારા કુલ ૪૫૦૦ જેટલા હરિભક્તો લાભ લઈ મહારાજ અને મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ અને એક દૃષ્ટિના માર્ગે આગળ વધ્યા હતા. આ રીતે વિચરણ પૂર્ણ કરી પૂ. સંતોએ તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ ભારત પરત આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.



આજ્ઞાપાલક શિષ્ય અધ્યાત્મ માર્ગે અમર બની જાય છે.



# સ્થિતપ્રજ્ઞતા

સમગ્ર વિશ્વમાં સર્વે પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. કારણ કે મનુષ્ય પાસે વિવેકની બહુ મોટી શક્તિ છે જે અન્ય જીવ સૃષ્ટિ પાસે નથી. પરંતુ વિશ્વની ગતિ વધી છે ટેક્નૉલૉજી તરફ, ઍજ્યુકેશન તરફ, સંસાધનો તરફ અને ભોગવિલાસ તરફ... પ્રગતિશીલ વિશ્વમાં મહદંશે દરેક ક્ષેત્ર પ્રગતિનાં શિખરો સર કરી રહેલ છે પરંતુ દિન-પ્રતિદિન મનુષ્યમાં સ્વાર્થવૃત્તિ વધતી જાય છે. સ્વસ્વાર્થ સાધવા બધું કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ માનવતાની દૃષ્ટિએ આ વ્યક્તિ સાથે આ સમયે આવું વર્તન કરાય-ન કરાય, આવી વાણી બોલાય-ન બોલાય એવી વિવેકદૃષ્ટિ ઘટતી જાય છે. પરિણામે અનેક અનર્થો સર્જાય છે.

ઇતિહાસની અલમારીઓમાં એવા અનેક પ્રસંગો મળી આવે છે કે વિવેકના અભાવે મહાન સત્યવાદી તથા ધાર્મિક રાજાઓ પણ પોતાના રાજપાટ હારી ગયા હોય. જ્યારે વિવેકશીલ મનુષ્ય દરેક સ્થિતિ-પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહી શકે છે અને જીવનમાં સામાજિક, આર્થિક અને પારિવારિક ઘર્ષણોથી બચી શકે છે.

વિવેકનું મહત્ત્વ સ્વજીવનમાં દર્શાવતા મહાન તત્ત્વચિંતક સૉક્રેટિસની કથાનક આપણા સૌ માટે પ્રેરણાદાયી છે.

**વિવેક એ મનુષ્ય જીવનની નૌકાનું સુકાન છે.**

એક વખત સૉક્રેટિસ પોતાના શિષ્યગણ સાથે મુસાફરી કરી રહ્યા હતા. મુસાફરી દરમ્યાન વિસામો લેવા એક ઝાડ નીચે બેઠા. ત્યાં એક મુસાફર આવી ચડ્યા. જેમનામાં કોઈ પણ મનુષ્યના ચહેરાને જોઈ તેના મનોભાવોને સમજવાની સારી એવી કળા હતી. પ્રભુઇચ્છાથી સૉક્રેટિસના વિચારો જેટલા સુંદર અને ઉચ્ચ કોટિના હતા તેટલો જ તેઓનો ચહેરો બદસૂરત હતો. પેલા આગંતુકે સૉક્રેટિસના ચહેરા પર દૃષ્ટિ કરી તરત ધાણી ફૂટે તેમ સૉક્રેટિસના મનોભાવો વિષે કહેવાની શરૂઆત કરી : "આ વ્યક્તિના ચહેરાની રચનાથી ચોક્કસ જણાય છે કે તેમની રગેરગમાં ક્રોધ ભર્યો છે. તેમના મસ્તકની સંરચનાથી હું આરામથી અનુમાન લગાવી શકું છું કે આ વ્યક્તિ ખૂબ લોભી અને લાલચુ છે. વળી, તેમના દાંત અને હોઠ મને કહે છે કે આ બિલકુલ વફાદાર નથી પરંતુ દેશદ્રોહી છે."

આગંતુકની વાત સાંભળતાં સૉક્રેટિસની બાજુમાં બેઠેલો શિષ્યગણ ખૂબ આવેશમાં આવી ગયો. એમાંના એક શિષ્યથી રહેવાયું નહિ તેથી તે અકળાઈને બોલવા લાગ્યા, "અરે મૂર્ખ, તમે આ બધું કોના માટે કહી રહ્યા છો તેનું ભાન છે? આ સૉક્રેટિસ અમારા જેવા હજારો શિષ્યોના ગુરુ છે. દેશના એક મહાન ચિંતક

અને તત્ત્વજ્ઞાની છે. તેમના માટે આવી ધારણાઓ !!"

શિષ્ય વધુ બોલે તે પૂર્વે સૉક્રેટિસે શિષ્યને શાંત પાડ્યા અને આગંતુકને ભેટ આપી રવાના કર્યા. તે પછી તમામ શિષ્યો ગુરુ સૉક્રેટિસને ટોળે વળી ગયા અને પૂછવા લાગ્યા, "ગુરુજી, આ માણસ આપના માટે જે કંઈ બોલી ગયા તે તદ્દન ખોટું હતું છતાંય તમે કેમ સહી લીધું ? વળી, અમને પણ કંઈ વધારે કહેવા ન દીધું. આમ કેમ ?"

ત્યારે સૉક્રેટિસે કહ્યું, "મારા પ્યારા શિષ્યો, આ મુસાફર તદ્દન સાચો છે, તો હું કેવી રીતે તેમને ખોટા પાડું ? એણે કહેલી અને આ ઉપરાંત, બીજી પણ ઘણી દુર્વૃત્તિઓ મારામાં છે પણ એ ભાઈ એક જ વાત કહેવાનું ભૂલી ગયા છે કે આ બધી દુર્વૃત્તિઓને ઢાંકનાર, દબાવનાર વિવેક પણ મારામાં છે. વિવેકબુદ્ધિને કારણે જ હું મારા બધા દોષો પર અંકુશ રાખી શકું છું. વિવેકના કારણે મારું જીવન શોભે છે અને આદરણીય બને છે."

વિવેકબુદ્ધિ એ માનવજીવનની નૌકાનું સુકાન છે. જેનાથી મનુષ્ય પોતાના દુર્ગુણોને પણ સદ્‌ગુણોમાં પલટાવી શકે છે. ક્રોધના આવેગને શૂરવીરતામાં અને આળસને ઉત્સાહમાં ઊર્ધ્વગતિ આપી શકે છે. બગડેલી પરિસ્થિતિને સુધારા પર લાવવી એ વિવેકશીલ મનુષ્ય માટે સહજ છે.

એક વખત સૉક્રેટિસ ઘરની બહાર બેઠા હતા. બાજુમાં જ તેઓનાં ધર્મપત્ની વાસણ માંજતાં હતાં. તેઓ સ્વભાવે કર્કશ હતાં. તેથી સૉક્રેટિસને ગુસ્સામાં કેટલીક ફરિયાદ કરવા લાગ્યાં. સૉક્રેટિસે સામે કંઈ પ્રત્યુત્તર ન આપ્યો તેથી તેમના ધર્મપત્નીએ વધુ ગુસ્સામાં આવી વાસણ માંજેલા એંઠા પાણીની ડોલ સૉક્રેટિસ પર ઢોળી.

જરા વિચારીએ... આ સ્થાને આપણે હોઈએ તો ?? તકરાર થયા વગર રહે જ નહીં. નાની વાતને ખૂબ મોટું સ્વરૂપ અપાઈ જાય. જ્યારે સૉક્રેટિસ પોતાના ક્રોધ પર વિવેકબુદ્ધિની ચાદર પાથરી માત્ર એટલું જ બોલ્યા, "હં... મને ખબર જ હતી કે વીજળી અને ગડગડાટ ચાલુ થયા છે તો જરૂર વરસાદ આવશે." આમ, વાતાવરણને હળવું બનાવી દીધું.

આપણે સૌ પણ રોજબરોજના જીવનમાં કોઈ પરિસ્થિતિ બને કે નિર્ણયો લેવાના થાય, કોઈ સાથે વ્યવહાર કરવાના થાય ત્યારે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીએ તો તેનાં પરિણામ સુખદ આવશે. 'મારે આમ નહોતું કરવું જોઈતું', 'હું આમ ન બોલ્યો હોત તો !' 'આ વખતે મારે એમને આવો જવાબ આપવો નહોતો જોઈતો !' વગેરે જેવો પશ્ચાત્તાપ પ્રસંગ બન્યા પછી ન ઉદ્‌ભવે.

વિવેકબુદ્ધિનું આટલું મહત્ત્વ સમજ્યા પછી સ્વાભાવિકપણે પ્રશ્ન ઉદ્‌ભવે કે જીવનમાં વિવેક કેવી રીતે કેળવવો ? તો વિવેક કેળવવાનો સૌથી સરળ માર્ગ છે — 'સંત સમાગમ'.

મોટાપુરુષ તથા પૂ. સંતોના સમાગમથી સાર-અસારની સૂઝ આવે છે. કોઈ પણ સંજોગ-પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહી યોગ્ય નિર્ણયો લેવાની કળા ખીલે છે. આદર્શ માનવી, આદર્શ ભક્ત તથા આદર્શ મુમુક્ષુ બનવા તરફ ઊર્ધ્વગતિ થાય છે.

તો ચાલો, આપણે સૌ પણ આપણા મંદિરોમાં થતી અઠવાડિક સભામાં, સમૈયાપ્રસંગે તથા જ્ઞાનસત્રોમાં લાભ લઈ વિવેકશીલ બનીએ.

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૧૬-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ગોધરા** ખાતે પ્રાતઃ સેશનમાં **હોશેલાવ** ગામે ૫ અને **સગરાડા** ગામે ૧ એમ ૬ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **લપાણિયા, ચલાલી, પાદરડી** આદિ ગ્રામ્ય વિસ્તારમાં તેમજ **ગોધરા** શહેર વિસ્તારમાં ૮ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી ભક્તોના કાલાવાલા સ્વીકાર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** મંદિરે ૬૦થી વધુ કિશોરોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે ચાલવાનો રાહ બતાવ્યો હતો.

**તા. ૧૭-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હાલોલ** મંદિર ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન 'સત્પુરુષનું મહાત્મ્ય' વિષય ઉપર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૭૯૫થી વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **હાલોલ** ખાતે ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં **હાલોલ** મંદિરે **વ્હાલા ગુરુજી**એ ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપી ૬૫૦થી વધુ હરિભક્તોને ધન્ય બનાવ્યા હતા.

**તા. ૧૮-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે જનોઈના સમૈયામાં દિવ્યવાણીનો લાભ આપી તેમજ પૂ. સંતો તથા ૧૬૦થી વધુ હરિભક્તોને જનોઈ બદલાવી નિકટ દર્શન આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **વાસણા** ખાતે ૪ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી રાજી કર્યા હતા.

**તા. ૧૯-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **ઇસનપુર** તેમજ **નરોડા**થી આવેલા બાળ પ્રવાસમાં બાળસહજ શૈલીમાં કથાવાર્તાનો લાભ આપી, વર્તમાન ધરાવી, સમીપ દર્શન અને આશીર્વાદનો લાભ આપી બાળમુક્તો પર રાજીપો વરસાવ્યો હતો.



વિવેકમાં દુર્ગુણોને સદ્‌ગુણોમાં પલટાવવાની શક્તિ છે.

**તા. ૨૨-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાટણ** ખાતે રાત્રિ સેશનમાં ૧ પધરામણી, ૧ રસોઈ તથા અઠવાડિક સત્સંગ સભામાં અમૃતવાણીનો લાભ આપી ૧૫૫૦થી વધુ હરિભક્તોને ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૨૩-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાટણ** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન બાદ મહારાજની કોરે આગળ વધવા માટે બળ આપ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **પાટણ** શહેર વિસ્તારમાં ૭ હરિભક્તોને ત્યાં, સાયંકાળે **ભાભર** ખાતે **ખડોસણ** ગામે ૩ હરિભક્તોને ત્યાં તેમજ પાલનપુર જતી વેળાએ મોડી રાત્રે **ડીસા** ખાતે ૨ પધરામણી કરી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા.

**તા. ૨૪-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાલનપુર** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારે ૯થી ૧૧ દરમ્યાન **પાલનપુર** શહેર વિસ્તારમાં ૭ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારે ૧૧થી ૧ દરમ્યાન **પાલનપુર** મંદિરે ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે સુધાવાણીનો લાભ આપી ૬૦૦થી વધુ હરિભક્તોને કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **સતલાસણા** ખાતે ૧ તેમજ **વિસનગર** ખાતે ૫ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યા બાદ **વિસનગર** મંદિરે રાજીપાદર્શન સભામાં ઉપસ્થિત ૫૦૦થી વધુ હરિભક્તો પર રાજીપો વરસાવી મહેર કરી હતી.

**તા. ૨૬-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૭૧૧૨થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૯-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૩૩૬૪૨થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે રાત્રિ સમયે ૧ હરિભક્તને ત્યાં પધરામણી તેમજ **વાસણા** મંદિરે રાજીપાદર્શન પ્રોગ્રામમાં ઉપસ્થિત હરિભક્તોને વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે સ્મૃતિ છબીનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૩૦-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **વાસણા** તથા **સેટેલાઇટ** વિસ્તારમાં ૯ તેમજ સાયંકાળે **વાસણા** ખાતે ૯ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૧-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ભારત સરકાર દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને સમગ્ર ભારતની પ્રજાને સ્વચ્છતાની પ્રેરણા આપી હતી. આજરોજ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **વડોદરા**થી બાળ પ્રવાસમાં પધારેલા બાળમુક્તોને વર્તમાન ધરાવી, સમીપ દર્શન-આશીર્વાદ આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપી ૧૫૦૦થી વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૯ પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કોડ પૂરા કર્યા હતા.

**તા. ૩-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ઝોનમાં સવારે **ચંદ્રાલા** ગામે ૩, **તાજપુર** ગામે ૪ તેમજ **ઘડકણ** ગામે ૫ એમ કુલ ૧૨ પધરામણીનો લાભ આપી હરિભક્તોના પ્રેમભાવને સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે બપોરના સમયે ૧ પધરામણી તથા સભા દરમ્યાન ૫૦૦થી વધુ હરિભક્તોને નિકટ દર્શન આપી ધન્ય બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **તલોદ** ખાતે ૩ પધરામણી અને ૧ રસોઈનો લાભ આપ્યા બાદ જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૦૨૫થી વધુ હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા. વળી, મોડી રાત્રે પણ **માધવગઢ** અને **ગઢી** ખાતે ૧-૧ પધરામણીનો લાભ આપી હરિભક્તોના કોડ પૂરા કર્યા હતા.

**તા. ૪-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** મંદિરે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન બાદ ૪૦૦થી વધુ હરિભક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **હિંમતનગર** ખાતે ૭ અને સાયંકાળે **દહેગામ** શહેર વિસ્તારમાં ૬ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી રાત્રિ સમયે **દહેગામ** ખાતે આયોજિત જાહેર સભામાં ૧૫૦૦થી વધુ હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૬-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાયસણ (ગાંધીનગર)** ખાતે ૧ હરિભક્તને ત્યાં પધરામણીનો લાભ આપી ઉપસ્થિત સર્વે મુક્તોને નિકટ દર્શનનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૭-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **જૂનાગઢ** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે એક હરિભક્તના ગૃહે પધરામણીનો લાભ આપી ભક્તના સાંસાગોટિલા સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૮-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઉના** ખાતે સવારે અંગત શિબિર દરમ્યાન અમૃતવાણીનો લાભ આપી ૪૫૦થી વધુ હરિભક્તોને રાજીપાની રીત શિખવાડી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **ઉના** ખાતે ૭ પધરામણીનો લાભ આપ્યા બાદ રાત્રે **ઉના** મંદિરે આયોજિત સમૈયામાં દિવ્યવાણીનો લાભ આપીને ૧૪૦૦થી વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૯-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે સવારે જ્ઞાન-ધ્યાન ચિંતન સભા દરમ્યાન અંગત લાભ આપી ૨૪૦થી વધુ હરિભક્તોને રાજીપાના માર્ગે ડગ મંડાવ્યાં હતાં.

**તા. ૧૦-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૩૧૧૯૩થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **નરોડા** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૧૩ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યા બાદ સાયંકાળે ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા.

**તા. ૧૩-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **ચાંદખેડા** ખાતે ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યા બાદ ૭૧થી વધુ હરિભક્તોને વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે રાજીપો વરસાવતા થકા સ્મૃતિ છબીનો લાભ આપ્યો હતો. વળી, રાત્રિ સમયે આયોજિત કાર્યકર સભામાં ૩૦૫થી વધુ કાર્યકરોને અંગત લાભ આપી બળ પૂરું પાડ્યું હતું.

વેરમાં વકીલાત છે, સ્નેહમાં કબૂલાત છે.

## ઘનશ્યામ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





વિદેશના મહિલા સમાજને મહારાજ અને મોટાપુરુષના મહિમાસભર કરવા અને રાજીપાના રાજમાર્ગ તરફ પ્રયાણ કરાવવા માટે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ. ખાતે સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૫ જુલાઈ, ૨૦૨૩ ને બુધવારે વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. ધ્વનિબેન, પૂ. જલ્પાબેન, પૂ. સ્વાતિબેન તથા હરિભક્તોમાં પ.ભ. સોનલબેન પટેલ પણ વિચરણ અર્થે પધાર્યાં હતાં. પૂ. ત્યાગી મહિલામુક્તોનું વિચરણ યુ.એસ.એ. ખાતે ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, એટલાન્ટા, શિકાગો આદિ એસ.એમ.વી.એસ.ના સેન્ટરોમાં યોજાયું હતું. સાથે સાથે યુ.એસ.એ.ના ૧૬ રાજ્યો જેવાં કે ન્યૂજર્સી, ન્યૂયૉર્ક, પેન્સિલ્વેનિયા, ડેલાવર, મેરીલૅન્ડ, વર્જિનિયા, ઓહાયો, અલાબામા, ટેનિસી, ટેક્સાસ, નોર્થ કૅરોલીના, સાઉથ કૅરોલીના, મિશિગન, ઇલિનોઈ, ઇંડિયાના તથા કેન્ટકીમાં પ્રોગ્રામો યોજાયા હતા. જેમાં પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમાગોષ્ઠિ, ભક્તિયાત્રા, જાહેર સભા, યુવતી સભા, કિશોરી સભા, બાલિકા સભા, SBS સભા, પિકનિક, સ્ટાફ સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, કીર્તનભક્તિ સભા, સમૂહપૂજા, મહાપૂજા તથા અંગત બેઠક જેવાં વિવિધ આયોજનો થયાં હતાં. આમ, યુ.એસ.એ.ના કુલ ૯૨ દિવસીય વિચરણ દરમ્યાન ૨૩૨ પધરામણી, ૧૦૮ જેટલી સભાઓ વગેરે પ્રોગ્રામો દ્વારા મહિલા સમાજ રાજીપાના રાજમાર્ગે આગળ વધ્યો. તા. ૪ ઑક્ટોબર, ૨૦૨૩ ને બુધવારે પૂ. ત્યાગી મહિલામુક્તો ઇન્ડિયા પરત પધાર્યાં હતાં.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું આફ્રિકા-દુબઈ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





શ્રીજીમહારાજનો ભવ્ય સંકલ્પ છે કે પોતાના આશ્રિતમાત્રમાં તલમાત્ર પણ કસર રહેવા દેવી નથી. તે સંકલ્પને સાકાર કરવાના ભાગ રૂપે વિદેશના મહિલા સમાજને રાજીપાના માર્ગે આગળ વધારવા માટે પૂ. ત્યાગી મહિલામુક્તોનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. હેતલબેન, પૂ. ફાલ્ગુનીબેન, પૂ. મિત્તલબેન તથા પૂ. ભાવનાબેન તા. ૨૫ ઑગસ્ટ, ૨૦૨૩થી આફ્રિકા-દુબઈ ખાતે વિચરણ માટે પધાર્યાં હતાં. સાથે સાથે સેવા-સમાગમનો લાભ લેવા માટે પ.ભ. રિદ્ધિબેન પટેલ તથા પ.ભ. હીનાબેન સિદ્ધપુરા પણ જોડાયાં હતાં.

તા. ૨૫ ઑગસ્ટના રોજ કમ્પાલા મંદિરે વ્હાલા હરિકૃષ્ણ મહારાજનું સૌએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. કમ્પાલામાં મુકોનો, કોમોચા, ડેનારો, બુગોલોબી જેવા વિસ્તારોમાં વિચરણ યોજાયું હતું. ત્યારબાદ તા. ૧૪ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન કિસુમુ, નાઈરોબી, બોટ્સવાના જેવા શહેરોમાં વિચરણ થયું હતું. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. મુક્તો સૌપ્રથમ વાર બોટ્સવાના પધાર્યાં



મૌન અઘરું છે પણ અશક્ય નથી.

હતાં. બોટ્સવાનાના હરિભક્તો વ્હાલા હરિકૃષ્ણ મહારાજના આગમનને વધાવી મહાત્મ્યમાં ગરકાવ થયા હતા. ત્યારબાદ તા. ૨૩ સપ્ટેમ્બરથી ૩ ઑક્ટોબર દરમ્યાન દુબઈ ખાતે વિચરણ અર્થે જવા માટે રવાના થયાં હતાં. આ તમામ વિચરણ દરમ્યાન પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમાગોષ્ઠિ, જાહેર સભા, ભક્તિ કથા, આદર્શ પ્રૉજેક્ટ સભા, મહિલા શિબિર, પિકનિક, સંચાલક-કાર્યકર ટ્રેનિંગ, ભક્તિયાત્રા, સમૂહપૂજા, અભિષેક ઉત્સવ, બાલિકા-કિશોરી સંમેલન, પધરામણી, અંગત બેઠક વગેરે પ્રોગ્રામો દ્વારા મહિલા સમાજ પૂ. મુક્તો સાથે નિકટતા કેળવી બળિયો થયો હતો. આ રીતે આફ્રિકા-દુબઈના કુલ ૪૦ દિવસના વિચરણ દરમ્યાન ૨૦૪ જેટલી પધરામણી, ૮૫ જેટલી સભાઓ વગેરે દ્વારા મહિલા હરિભક્તોને બળિયા કરી પૂ. ત્યાગી મહિલામુક્તો તા. ૩ ઑક્ટોબરના રોજ ઈન્ડિયા પરત પધાર્યાં હતાં.

## ઘનશ્યામ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









શ્રીજીમહારાજ ને મોટાપુરુષનો ભવ્ય સંકલ્પ છે કે, "કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ..." એના ભાગ રૂપે વિદેશના મહિલા સમાજને કારણ સત્સંગના સિદ્ધાંતોથી ભરી દેવા માટે ને સત્સંગના રંગે રંગવા માટે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું. તા. ૧૬ જૂન, ૨૦૨૩ ને શુક્રવારના રોજ વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. પિંકલબેન, પૂ. જ્યોત્સ્નાબેન, પૂ. કેયૂરીબેન તથા હરિભક્તોમાં પ.ભ. પ્રાર્થનાબેન પટેલ ઈન્ડિયાથી યુ.કે. ખાતે પધાર્યાં. તા. ૧૬ જૂનથી ૨૧ જૂન તેમજ તા. ૨૪ ઑગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર આમ બે વખત યુ.કે. ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું. જેમાં લંડન મંદિર ખાતે, ઈસ્ટ લંડન, બર્મિંહેમ, ઑલ્ધામ, મૅન્ચેસ્ટર, લીડ્સ, લેસ્ટર, કૉવેન્ટ્રી વગેરે શહેરોમાં સભા, પધરામણી, મહાપૂજા જેવા વિવિધ પ્રોગ્રામો યોજાયા હતા.

તા. ૨૪ જૂનથી ૩૦ જૂન સુધી કેનેડા મંદિર ખાતે વિચરણ યોજાયું. જેમાં માર્ખમ, પીટરબોરો, સ્કારબોરો, ઈટોબિકોક, બ્રેમ્પટન વગેરે શહેરોમાં સભા તથા પધરામણી થઈ હતી. તા. ૨૨, ૨૩ જૂન તથા ૧ જુલાઈથી ૨૩ ઑગસ્ટ દરમ્યાન યુ.એસ.એ.ના ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, શિકાગો વગેરે એસ.એમ.વી.એસ.ના સેન્ટરોમાં વિચરણ યોજાયું. ત્રણેય દેશોમાં વિવિધ પ્રોગ્રામો જેવા કે પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમાગોષ્ઠિ, ભક્તિયાત્રા, જાહેર સભા, એરિયા સભા, બાલિકા સભા, કિશોરી સભા, યુવતી સભા, SBS સભા, SKS સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, પિકનિક, PR ટ્રેનિંગ, સ્ટાફ સભા, મહાપૂજા તથા અંગત બેઠકો દ્વારા મહિલા સમાજમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા હતા. આમ, યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે.ના ૯૭ દિવસના વિચરણ દરમ્યાન ૧૭૪ સભાઓ, ૧૬૯ પધરામણી જેવાં વિવિધ આયોજનો દ્વારા મહિલા સમાજ સત્સંગમાં વેગવંતો બન્યો હતો. તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ને બુધવારે પૂ. ત્યાગી મહિલામુક્તો સત્સંગ વિચરણ પૂર્ણ કરી ઈન્ડિયા પરત પધાર્યાં હતાં.

**સુખની ચાવી ત્યાગ ને સ્નેહપૂર્વક સમાધાનમાં છે.**

## જૂનાગઢ શિલાન્યાસ સમારોહ



અનાદિમુક્ત મહાસમર્થ સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની રમણભૂમિ એટલે જૂનાગઢ શહેર. તા. ૭-૧૦-૨૦૨૩ના રોજ જૂનાગઢ શહેરમાં સાંજે ૪થી ૮ દરમ્યાન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં નૂતન સત્સંગ કેન્દ્રનો શિલાન્યાસ સમારોહ ઊજવાઈ ગયો. જ્યાં ભવિષ્યમાં કારણ સત્સંગના વિજયપતાકાઓ લહેરાશે. સામૈયામાં પૂ. સંતોએ તથા ઉપસ્થિત હરિભક્તોએ વ્હાલા ગુરુજીનું પૂજન-અર્ચન કરી દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. ત્યારબાદ આમંત્રિત મહાનુભાવો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિ શરૂ થયો. વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે શિલા તથા પ્લાનનું પૂજન કરવામાં આવ્યું હતું. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને યજમાનો દ્વારા શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડિયા, શ્રી પ્રદીપભાઈ ખીમાણી (ભાજપ પ્રભારી), વિનુભાઈ રાખશિયા (ભાજપ અગ્રણી), નીલેશભાઈ ઝાંઝડિયા (જૂનાગઢ રેન્જ આઈ.જી.), શ્રી જયેશભાઈ ધોરાજિયા (કૉર્પોરેટર) તેમજ મહિલા વિભાગમાં શ્રીમતી ગીતાબેન પરમાર (મેયર) તથા શ્રીમતી ભાવનાબેન હીરપરા (કૉર્પોરેટર) ઉપરાંત અગ્રણી ઉદ્યોગપતિ જેવા આમંત્રિત મહાનુભાવો ગુરુજીની સુધાવાણીનું પાન કરી કૃતાર્થ બન્યા હતા. આમ, આજના દિને ૧૫૦૦થી પણ વધુ હરિભક્તોએ ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. મૂર્તિસ્વામી, પૂ.અદ્ભુતસ્વામી, પૂ. સહજાનંદસ્વામી તથા પૂ. ભજનસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર પ્રોગ્રામને દીપાવ્યો હતો.

## ભાભર શિલાન્યાસ સમારોહ




સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો જ શ્રીજીમહારાજ સંકલ્પ લઈને આ બ્રહ્માંડને વિષે પધાર્યા છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી સંસ્થાના સર્વે પૂ. સંતો દેશ-વિદેશમાં વિચરણ કરી સત્સંગના પ્રચાર-પ્રસારને વેગ આપી રહ્યા છે. એ ન્યાયે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના ભાભર ગામે તા. ૨૩-૯-૨૦૨૩ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નૂતન સત્સંગ કેન્દ્રનો શિલાન્યાસ સમારોહ ધામધૂમથી ઊજવાઈ ગયો. ગામના આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયે આજે આનંદ સમાતો નહોતો. સામૈયા બાદ સાયંકાળે હરિકૃષ્ણ મહારાજ સમક્ષ યજમાનો, આમંત્રિત મહાનુભાવો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિ મંગલમય પરિસરમાં શરૂ થયો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય કરકમળો દ્વારા નિર્માણ પામનાર સત્સંગ કેન્દ્રના પ્લાન તથા શિલાનું કુમકુમ વડે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી વ્હાલા ગુરુજીએ આમંત્રિત મહેમાનો તથા યજમાનો સાથે શિલારોપણ કરી આરતી બાદ સૌને ગુરુજીએ બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજના પ્રસંગે મહેસાણાના કૉર્પોરેટર શ્રી કીર્તિભાઈ શંકરભાઈ પટેલ, ભાભરના કૉર્પોરેટર શ્રી મહેશભાઈ નરભેરામભાઈ કાનાબાર તથા શ્રી વિનોદભાઈ પરષોત્તમભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. વિવેકસ્વામી, પૂ. સત્સંગસ્વામી તથા પૂ. દીનબંધુસ્વામી તેમજ પૂ. સંયમસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર પ્રોગ્રામને દીપાવ્યો હતો. આજના દિને ૧૮૦૦થી પણ વધુ હરિભક્તો વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો લાભ લઈ સુખિયા થયા હતા.



વેરની ગાંઠ તો કૅન્સરથી જાલિમ ગાંઠ છે.

**મૂ. નિ. ધનજીભાઈ નારણભાઈ ભોજાણી, ઉંમર વર્ષ-૭૩, લંડન; તા. ૨૫-૮-૨૦૨૩ :** વિદેશની (યુ.કે.ની) ભૂમિ પર સૌપ્રથમ વખત ઈ.સ. ૧૯૯૫માં ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે લંડન ખાતે પધાર્યા ત્યારથી જ શ્રી ધનજીભાઈ ભોજાણીએ ગુરુદેવ તથા ગુરુજી સંગે દિવ્યભાવ અને મહિમા સમજી તન-મન-ધનથી સેવા કરી ખૂબ રાજીપો મેળવ્યો હતો. તેઓએ સામે ચાલી પ્રાર્થના કરી પોતાના ઘરે પૂ. સંતોના ઉતારા કરાવી તકની સેવાનો અણમોલ લાભ લીધો હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી કારણ સત્સંગના જ્ઞાન અને સિદ્ધાંતોને જીવનમાં દૃઢ કરી, મહારાજ અને મોટાપુરુષને શોભાડે તેવું શુદ્ધ અને પવિત્ર જીવન જીવી અખંડ મૂર્તિસુખના ભોક્તા થયા. મહાપ્રભુના દિવ્ય ચરણોમાં પ્રાર્થના કે તેમના દીકરા હિતેષભાઈ તથા વસંતભાઈને સત્સંગનું અને સમજણનું ખૂબ ખૂબ બળ પ્રદાન કરે.

**મૂ. નિ. હરજીવનભાઈ નાનજીભાઈ મિસ્ત્રી, ઉંમર વર્ષ-૮૪, વડોદરા; તા. ૧૫-૯-૨૦૨૩ :** વડોદરા સત્સંગ મંડળના ઘરધણી મુક્ત તેમજ યુવક મંડળમાં નિર્દેશક તરીકે સેવા આપી રહેલા મનોજભાઈ મિસ્ત્રીના પિતાશ્રી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. મનોજભાઈ સંપૂર્ણપણે ઘરધણી થઈ સોંપાયેલ જવાબદારી ઉત્સાહપૂર્વક નિભાવી પૂ. સંતોને નિશ્ચિંત કરીને રાજીપો કમાઈ રહ્યા છે.

**મૂ. નિ. બાબુભાઈ ઝીણાભાઈ સોની, ઉંમર વર્ષ-૭૩, મણિનગર; તા. ૨૨-૯-૨૦૨૩ :** તેઓ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા જીવનપ્રાણ બાપાશ્રીના કૃપાપાત્ર હતા. મોટા મોટા સમર્થ અનાદિમુક્ત સદ્‌ગુરુશ્રીઓની ખૂબ જ નજીકથી સેવાનો લાભ પામી અંતરનો રાજીપો કમાયા હતા. સંપ્રદાયના અનેક મંદિરોમાં ઘનશ્યામ મહારાજ અને એમના દિવ્ય મુક્તોના સ્વરૂપોને મૂર્તિ સ્વરૂપે કંડારવામાં તેઓનું અનેરું યોગદાન રહ્યું હતું. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના બંને દીકરા નરેશભાઈ તથા રવિન્દ્રભાઈને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ. નિ. નારણભાઈ રણછોડભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૫, થાંભા; તા. ૨૫-૯-૨૦૨૩ :** તેઓ સંસ્થા પ્રત્યે, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સંગે ખૂબ મમત્વભાવ સાથે જોડાયેલા હતા. અંત સમયે ગુરુજીએ અગાઉ આપેલા આશીર્વાદ મુજબ મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ તેઓને મૂર્તિના સુખે સુખિયા કર્યા હતા. તેમના દીકરા મિતેશભાઈને પણ સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ પ્રાપ્ત થાય તેવી મહાપ્રભુના ચરણે પ્રાર્થના.

**મૂ. નિ. હકમાજી રામાજી પ્રજાપતિ, ઉંમર વર્ષ-૬૬, સેટેલાઇટ; તા. ૨૫-૯-૨૦૨૩ :** તેઓ ભગવાન



સ્વામિનારાયણની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી ગુરુદેવ પ.પૂ. બાપજીનો અપાર રાજીપો કમાયા હતા. ગુરુદેવ અને ગુરુજીની આજ્ઞા અધ્ધરથી ઝીલી ચાંદખેડા મંદિરના નિર્માણકાર્યની સેવાનો લાભ તેમના પરિવારને મળ્યો હતો. સત્સંગમાં આવ્યા ત્યારથી જીવનના છેલ્લા શ્વાસ સુધી અનન્ય નિષ્ઠા રાખી, સત્સંગનું બળ રાખી ગુરુદેવ પ.પૂ. બાપજીના તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અંતરના રાજીપાના પાત્ર બન્યા હતા. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના ત્રણેય સુપુત્રો ચિરાગભાઈ, ધવલભાઈ તથા કુશલભાઈ સત્સંગનો વારસો આગળ વધારતા રહે અને સમગ્ર પરિવારને સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ. નિ. રામભાઈ પરષોત્તમદાસ પટેલ, ઉંમર વર્ષ-૭૭, ગોરાદ (મહેસાણા); તા. ૧-૧૦-૨૦૨૩ :** તેઓ વર્ષો સુધી મહેસાણા સત્સંગ મંડળના સક્રિય કાર્યકર તરીકે સેવા આપી રહ્યા હતા. પૂ. સંતોના વચને તેઓ પાટણ મંદિરે એક વર્ષ તેમજ તીર્થધામ ગોધર ખાતે બે વર્ષ સુધી સેવા આપીને પૂ. સંતોને નિશ્ચિંત કરી રાજીપો કમાયા હતા. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના બંને દીકરા ચિરાગભાઈ તથા અલ્પેશભાઈ તેમજ સમસ્ત પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

### સંસ્થા ગૌરવ

**ડૉ. ભૂમિકાબેન ડી. પટેલ – એટલાન્ટા**

ઈસનપુર સેન્ટરના ઘરધણી મુક્ત ડૉ. દશરથભાઈ પટેલનાં સુપુત્રી ડૉ. ભૂમિકાબેને યુનિવર્સિટી ઑફ લૂઈસવિલેમાંથી (U.S.A.) મેડિકલ ક્ષેત્રે ડેન્ટલ વિભાગમાં માસ્ટર ડિગ્રી (Orthodontics) મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે ભવિષ્યમાં પણ તેમની કારકિર્દીમાં અનેક યશકલગી ઉમેરતાં રહે.

ક્રોધ ચિનગારી છે ને ક્લેશ દાવાનળ છે.

# રામસૌર બડા (રાજસ્થાન) મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પથી તીર્થધામ ગોધર ખાતે સર્વે હરિભક્તોનાં તનનાં, મનનાં, ધનનાં દુઃખો દૂર થાય તે માટે અભિષેકના ઘનશ્યામ પ્રભુ પધરાવેલા છે. અનેક ભાવિક ભક્તો ઘનશ્યામ મહારાજનો અભિષેક કરી આવી પડેલ દુઃખોમાંથી મુક્તિ મેળવે છે. આ ઘનશ્યામ મહાપ્રભુના અભિષેકનો મહિમા સરહદ પાર રાજસ્થાનના ગામોમાં પણ પહોંચ્યો. ધીરે ધીરે રાજસ્થાનના અંતરિયાળ ગામોમાંથી હરિભક્તો તીર્થધામ ગોધર ખાતે માસિક સમૈયામાં લાભ લેવા આવતા ગયા. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી સત્સંગ પ્રારંભમાં પૂ. નિર્માનસ્વામી, પૂ. વિવેકસ્વામી, પૂ. નિષ્કામસ્વામી,પૂ. ત્યાગસ્વામી, પૂ. આદર્શસ્વામી આદિક સંતો પણ રાજસ્થાનમાં સત્સંગ પ્રચારાર્થે જવા લાગ્યા. ડુંગરપુર જિલ્લાના સીમલવાડા તાલુકામાં બાંદેલા, પીઠ, ભરોડિયા, રામસૌર બડા, ડુકા, કનબા આદિ ગામોમાં સત્સંગ સભાથી સત્સંગની શરૂઆત થઈ. ગુરુદેવ પ.પૂ. બાપજી અવારનવાર માસિક સમૈયામાં ગોધર ખાતે પધારતા. એ અરસામાં પીઠ ગામે ગુરુદેવની તથા ગુરુજીની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચમક હોય ત્યાં લોહ ખેંચાય જ. એ ન્યાયે ભગવાનના સંબંધવાળા પૂ. સંતોના મુખે સ્વામિનારાયણ ભગવાનના મહિમાની વાતો સાંભળી સૌ કોઈને ઘનશ્યામ મહાપ્રભુ પ્રત્યે અનેરું આકર્ષણ થતું. સૌને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી માટે મહિમા વધતો ગયો અને સત્સંગ સમાજ પણ વધતો ગયો. પૂ. સંતોને અવારનવાર અહીં વિચરણ અર્થે આવવાનું થતાં અહીં એક સ્થાન તૈયાર થાય તેવી જરૂરિયાત જણાવા લાગી. ગુરુજીની આજ્ઞાથી ભૂમિ સંપાદનનું કાર્ય શરૂ થયું અને મહાપ્રભુની ઈચ્છાથી ગામના હરિભક્ત મોતીભાઈ ખાત્રાભાઈ ડામોરે મંદિર માટે ભૂમિ અર્પણ કરી.

ઈ.સ. ૨૦૨૧માં ગોધર ખાતે સત્સંગ વિચરણ દરમ્યાન ગુરુજીના દિવ્ય વરદ હસ્તે શિલાનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂ. સંતોના સાંનિધ્યમાં શિલાન્યાસ સમારોહ ઊજવાઈ ગયા બાદ નૂતન સત્સંગ કેન્દ્રનું નિર્માણકાર્ય શરૂ થયું અને જોતજોતામાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો દિન નજીક આવી ગયો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ભાગ રૂપે તા. ૮-૧૦-૨૦૨૩ ને રવિવારના રોજ શોભાયાત્રા અંતર્ગત ૧૬૦થી વધુ બાઈક સાથે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. માથા પર મારવાડી ફેંટો બાંધી હાથમાં એસ.એમ.વી.એસ.ની વિજયધ્વજાઓ ફરકાવતા યુવાનો વટેમાર્ગુઓ તેમજ નગરજનોને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં પધારવા માટેનું આમંત્રણ પાઠવી રહ્યા હતા.

તા. ૧૫-૧૦-૨૦૨૩ના દિનની મંગલકારી પ્રભાતે વ્હાલા ગુરુજી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગામમાં પધાર્યા ત્યારે આબાલવૃદ્ધ સૌ કોઈ ગુરુજીનું તથા હરિકૃષ્ણ મહારાજનું સામૈયું કરવા પધાર્યા. પુષ્પવૃષ્ટિ કરતાં કરતાં નૃત્ય કરતા થકા સૌ કોઈ મંદિર પરિસર તરફ પધાર્યા. વ્હાલા ગુરુજીએ બોર્ડ અનાવરણ કરી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો પ્રારંભ કરાવ્યો. સભાખંડમાં પધાર્યા બાદ ભૂમિસેવા કરનાર યજમાન તેમજ મંદિરનિર્માણના યજમાનશ્રીઓએ ગુરુજી સંગે મહાપૂજાનો લાભ લીધો. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ નૂતન સિંહાસનમાં બિરાજિત મૂર્તિઓને ભાલ મધ્યે ચંદન તિલક કરી યજમાનોને પણ પૂજનનો લાભ અપાવ્યો હતો. ગુરુજીએ મહાપ્રભુને આજના દિને કગરીને પ્રાર્થના કરાવી આનંદોત્સવનો લાભ આપી કૃપાવંત કર્યા હતા.

આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ દિવ્ય આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, “આજે અહીં જે કોઈ આવ્યા છે અને દર્શન કરવા આવશે કે મંદિરની સામેથી પણ પસાર થશે એ સર્વેને મહારાજ મૂર્તિસુખના અધિકારી કરશે. જે કોઈ આર્થિક રીતે તકલીફમાં હોય એ બધાયને મહારાજ કૃપા કરી સુખિયા કરશે અને સર્વેને પાકાં ધાબાવાળાં મકાન થાય એવી દયા કરશે. આજે મહારાજ અહીં રામસૌર બડા ખાતે બિરાજમાન થયા છે. મહારાજ સમગ્ર ડુંગરપુર જિલ્લામાં સત્સંગનો પ્રચાર-પ્રસાર વધારશે, ખૂબ મહિમા થશે અને અહીંથી

**માત્ર ટકોરનો ટહુકો આપણને ચકોર બનાવે છે.**

આખાય રાજસ્થાનમાં અને ઉત્તર ભારતમાં કારણ સત્સંગનો વ્યાપ થશે.'' ઉપસ્થિત સૌ કોઈએ ગુરુજીના મુખકમળમાંથી નીકળેલા આશીર્વાદને તાળીઓના નાદથી અને જયઘોષ સાથે વધાવ્યા હતા. આમ, આજના દિને રામસૌર બડા ખાતે ૪૦૦૦થી પણ વધુ મુમુક્ષુ હરિભક્તો ગુરુજીનાં દર્શન-આશીર્વાદ પામી કૃપાવંત બન્યા હતા.

## સગરાડા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





તા. ૧૬-૯-૨૦૨૩ના મંગલકારી દિને સગરાડા ગામની રળિયામણી ભૂમિ ઉપર કારણ સત્સંગનું નૂતન કેન્દ્ર જન કલ્યાણાર્થે ખુલ્લું મૂકવામાં આવ્યું. જ્યાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનો પ્રતિષ્ઠા વિધિ ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી પૂ. નિર્માનસ્વામી, પૂ. વિવેકસ્વામી, પૂ. આજ્ઞાસ્વામી, પૂ. નિષ્કામસ્વામી, પૂ. ન્યાલકરણસ્વામી, પૂ. સંયમસ્વામી આદિક પૂ. સંતો અવારનવાર અહીં સત્સંગ પ્રચારાર્થે પધારતા. શરૂઆતમાં રામસિંગભાઈ બારિયાને ત્યાં સત્સંગ સભા થતી. જેમાં ગામના તથા આસપાસના છોગાળા, જેત્રીબોર, ખટકપુર અને ભૂણીન્દ્રા ગામના હરિભક્તો પણ લાભ લેવા આવતા. સત્સંગનો પ્રચાર-પ્રસાર વધતાં હવે એક સ્થાનની જરૂર જણાવા લાગી. ગુરુદેવની કાયમી રુચિ જણાવતા પૂ. સંતોએ સભામાં માર્મિક ટકોર કરી લાભ આપતાં જણાવ્યું કે, ''મહારાજને પ્રાર્થના કરીએ કે હવે ગામમાં એક મંદિર તૈયાર થાય.''

પૂ. સંતોની માર્મિક ટકોર સાંભળતાં સભામાં બેઠેલા બે હરિભક્તો મગનભાઈ વિરમભાઈ પટેલિયા અને જયંતિભાઈ નરવતભાઈ પટેલિયાએ (કાકા-ભત્રીજાએ) મનોમન આ સંકલ્પ અધ્ધરથી ઝીલી લીધો. ટૂંક સમયમાં જ તેઓએ પોતાની જમીન મંદિર માટે અર્પણ કરી દેવાનો નિર્ણય લીધો. થોડા સમય બાદ તેઓએ પૂ. સંતોને જણાવ્યું, ''સ્વામી, ગામમાં મંદિર કરવા માટે જમીન મળી ગઈ છે.'' મંદિર માટે પોતાની જમીન અર્પણ કરવાનો એમનો સંકલ્પ જાણી પૂ. સંતો તેમના પર ખૂબ રાજી થયા. ઈ.સ. ૨૦૨૦માં ગોધરા ખાતે સત્સંગ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ વ્હાલા ગુરુજીને પ્રાર્થના કરી, ''ગુરુજી, ભક્તોનો ખૂબ ભાવ છે અને તેઓનો ગામમાં મંદિર કરવાનો સંકલ્પ છે.'' આ વાત જાણી ગુરુજી રાજી થયા અને ગુરુજીએ રાજીપો વરસાવતા થકા નૂતન સત્સંગ કેન્દ્ર માટેની શિલાનું પૂજન કર્યું અને મંદિરનું નિર્માણ કાર્ય શરૂ કરવા માટે આજ્ઞા કરી. ગામમાં મંદિર તૈયાર થશે એ વાતથી સૌ કોઈના હૈયામાં અપાર આનંદ હતો. પોતાના જ ગામના હરિભક્તોનું જમીનનું સમર્પણ જોઈ અન્યને પણ કંઈક અર્પણ કરવા અંગે પ્રેરણા મળી. મગનભાઈ અને જયંતિભાઈએ સગરાડા ગામમાં તેમજ આસપાસના ગામમાં આહ્‌લેક નાખીને ફાળો ઉઘરાવવાનું શરૂ કર્યું. કોઈની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તોપણ કોઈએ નાણાંની તો કોઈએ દાણાની (સીધું-સામાનની) સેવા કરી અને જોતજોતામાં મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું. મૂર્તિપ્રતિષ્ઠાનો દિન નજીક આવી ગયો. એ અરસામાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું ગોધરા ખાતે સત્સંગ વિચરણ ગોઠવાયું હતું. પૂ. સંતોએ ગુરુજીને મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે પ્રાર્થના કરી ત્યારે વ્હાલા ગુરુજીએ પણ અતિ પ્રસન્નવદને હા પાડી.

વ્હાલા ગુરુજી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે આજુબાજુના ગામોમાં પધરામણી કરીને પ્રતિષ્ઠા માટે પધારવાના હતા. ગામના સૌ ભક્તો આતુરતાથી રાહ જોતા હતા. ત્યાં જ મહારાજની ઈચ્છાથી ધોધમાર વરસાદ ચાલુ થયો. વરસાદ ખૂબ હોવાથી અતિ દયાળુ એવા ગુરુજીએ પૂ. સંતોને જમણવાર ચાલુ કરી દેવા અંગે કહેવડાવ્યું. પરંતુ મહારાજનું મુખ્યપણું અને ગુરુજી સાથેની આગવી પ્રીતિના નાતે સૌ કોઈએ વ્હાલા ગુરુજીનું સ્વાગત થાય, મૂર્તિપ્રતિષ્ઠા થાય ત્યારબાદ જ પ્રસાદ લેવાનો આગ્રહ રાખ્યો. પોતાના વ્હાલસોયા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનું આગમન થતાં જ વાતાવરણમાં જયઘોષ ગુંજી ઊઠ્યો. વ્હાલા ગુરુજી પણ પ્રેમી હરિભક્તોના મનોરથ પૂરા કરવા કાજે ગાડીમાંથી નીચે ઊતરી ગયા અને ચાલુ વરસાદમાં હરિભક્તોને

બુદ્ધિથી જીવનાર વચ્ચે તકરાર થાય છે.

દર્શન આપતા થકા મંદિર તરફ પધાર્યા. વ્હાલા ગુરુજીના હસ્તે બોર્ડ અનાવરણ થયા બાદ સૌ કોઈ મંદિરના પરિસરમાં પધાર્યા. મહાપૂજા કર્યા બાદ વ્હાલા ગુરુજીએ વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુના ભાલમાં ચંદન તિલક કરી, ફૂલહાર પહેરાવી મૂર્તિઓનું પૂજન કર્યું હતું. ત્યારબાદ આનંદોત્સવનો લાભ આપી વ્હાલા ગુરુજીએ દિવ્ય આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, “આ સ્થાનમાં જે કોઈ આવશે તેનાં તમામ દુ:ખો મહારાજ દૂર કરશે. અહીં આવનારને તેમજ આ મંદિરની સામેથી પસાર થનાર દરેકને મહારાજ મૂર્તિના સુખના અધિકારી કરશે અને તેનો છેલ્લો જન્મ થશે. આ મંદિરના નિર્માણકાર્યમાં જેણે જેણે ફાળો નોંધાવ્યો છે એ બધાયને પાકાં ધાબાવાળાં મકાન થશે અને મહારાજ મૂર્તિના સુખમાં રાખશે.” આમ, ૪૦૦૦થી પણ વધુ હરિભક્તોએ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠામાં ગુરુજીના દર્શન-આશીર્વાદનો અને પ્રસાદીનો લાભ લીધો.




**ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડિયોલોજી**

## ડૉ. જશરાજ પનવાર

MD, DM (Interventional Cardiologist)

**કન્સલ્ટન્ટ કાર્ડિયોલૉજિસ્ટ**

**ઓ.પી.ડી. સમય : સોમથી શનિ સવારે ૯:૩૦થી ૬:૦૦**

માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં **૧૫૦૦થી વધુ કાર્ડિયાક પ્રોસિજર** કરવામાં આવી છે.

- **ડૉ. જશરાજ પનવાર,** કાર્ડિયોલૉજિસ્ટ - MD, DM (Interventional Cardiologist) જે હવે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ફુલટાઈમ કાર્ડિયોલૉજિસ્ટ તરીકે સેવા આપે છે.
- **ડૉ. જશરાજ પનવાર** MD, DM (Interventional Cardiologist) કાર્ડિયોલૉજિસ્ટ તરીકે ૧૦ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે.
- હૃદયને લગતી બીમારી જેવી કે, હાર્ટઍટેક, છાતીમાં દુખાવો, ધબકારા વધી જવા, ઍન્જીયોગ્રાફી તેમજ ઍન્જીયોપ્લાસ્ટીની સારવાર રાહત દરે કરવામાં આવે છે.



### હાર્ટ કૅર સેન્ટરની વિશેષતાઓ :

- સૌથી અદ્યતન સીલિંગ માઉન્ટેક કૅથલૅબ
- **IFR** અને **FFR** સુવિધા સાથે
- સૌથી અનુભવી અને નિષ્ણાત કાર્ડિયોલૉજિસ્ટ ટીમ
- તમામ સારવાર એક જ જગ્યા પર
- **24X7** કાર્યરત કાર્ડિયાક વિભાગ

**આકર્ષક પેકેજિસ**



ઍન્જીયોગ્રાફી ~~7999~~/- **3999/-***

ઍન્જીયોપ્લાસ્ટી ~~79999~~/- **49999/-*** (સ્ટેન્ટ અલગથી)

‘મુખ્યમંત્રી અમૃતમ્ (મા)’ અને ‘આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય’ યોજના અંતર્ગત વિના મૂલ્યે ઉપલબ્ધ સારવાર.

**ઍન્જીયોગ્રાફી । ઍન્જીયોપ્લાસ્ટી । બાયપાસ સર્જરી । હૃદયના વાલ્વની સર્જરી**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
**SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**
info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Follow us :

**હૃદયથી જીવનાર વચ્ચે એકરાર થાય છે.**




(૧–૭) પાટણ, ભાભર, પાલનપુર, સતલાસણા, માલપુર, હાલોલ, સ્વા. ધામ ખાતે પધરામણી તથા કથાવાર્તાનો લાભ (૮) સ્વચ્છતા અભિયાન અંતર્ગત કૅમ્પસ સ્વચ્છતાનો લાભ લેતા વ્હાલા ગુરુજી

Ghanshyam, November-2023. Published on 10-11-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



























(૧–૩) હિંમતનગર ઝોન સત્સંગ વિચરણ (૪–૭) ભાવનગર, ઉના, નરોડા તથા ચાંદખેડા ખાતે અનુક્રમે સત્સંગ સભા તથા પધરામણી
(૮) વડોદરા સેન્ટરના બાળકોને લાભ આપતા વ્હાલા ગુરુજી